# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited

**Grade A** by NAAC

**(CGPA 3.05)**

## સિન્ડિકેટની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

## તા.૦૧/૧૦/૨૦૧૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,

યુનિવર્સિટી કેમ્પસ,

યુનિવર્સિટી રોડ,

રાજકોટ–૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની ઓકટોબર માસની સામાન્ય સભા ગુરૂવાર, તા.૦૧/૧૦/૨૦૧૫ના રોજ બપોરના ૦૧:૦૦ કલાકે સિન્ડિકેટ મીટીંગરૂમ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળેલ, જેમા સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧. | ડો. પ્રતાપસિંહ એલ. ચૌહાણ – કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉપકુલપતિશ્રી | ––ખાલી–– |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૪. | નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા તબીબી શિક્ષણ | ગેરહાજર |
| ૬. | પ્રિ. ડો. વિજયભાઈ કે. પટેલ | હાજર |
| ૭. | પ્રિ. ડો. ધરમભાઈ ડી. કાંબલીયા | હાજર |
| ૮. | ડો. મેહુલભાઈ પી. રૂપાણી | હાજર |
| ૯. | ડો. રમેશભાઈ ડી. વાધાણી | હાજર |
| ૧૦. | ડો. ભાવિનભાઈ એસ. કોઠારી | ગેરહાજર |
| ૧૧. | શ્રી પ્રશાંતભાઈ વ્હાવલા | હાજર |
| ૧૨. | શ્રી હરદેવસિંહ ડી. જાડેજા | હાજર |
| ૧૩. | ડો. ગીરીશભાઈ સી. ભીમાણી | હાજર |
| ૧૪. | શ્રી નેહલભાઈ સી. શુકલ | હાજર |
| ૧૫. | શ્રી પ્રવિણસિંહ આર. ચૌહાણ | હાજર |
| ૧૬. | ડો. વર્ષાબેન પી.છીછીયા | હાજર |
| ૧૭. | શ્રી અનિરૂદ્ધસિંહ પઢીયાર | હાજર |
| ૧૮. | ડો.મનીષ મહેતા | હાજર |
| ૧૯. | શ્રી જે.પી.જેસ્વાની | હાજર |
| ૨૦. | ડો.અમિત આર.હપાણી | હાજર |

સભાની શરૂઆતમાં સદગત સ્વ.શ્રી ડો.એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબને સભ્યશ્રીઓએ ૨ મીનીટનુંમૌન રાખી શ્રદ્ધાંજલી અર્પી હતી.

૧ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૨૬/૦૬/૨૦૧૫ની મીનીટસ મંજૂર કરવા બાબત.

**સિન્ડિકેટની તા.૨૬/૦૬/૨૦૧૫ની સભાની કાર્યવાહી નોંધ નીચે મુજબના સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને તેના પર માન.કુલપતિશ્રીએ સહી કરી.**

**<u>ઠરાવ ક્રમાંક : ૫</u>**

**આથી ઠરાવવામાં આવે છે કે કાઉન્સિલ દ્વારા અગાઉથી સ્થળ ફેરફાર મંજૂર કરવામાં આવેલ છે તે ધ્યાને લઈ અને નવા સ્થળે નિયમાનુસારની સુવિધાઓ ઉપલબ્ધ હોય સ્થળ ફેરફાર માટે મંજૂરી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કાઉન્સિલ અંતર્ગતનાં અભ્યાસક્રમ હોય અને શહેર કે જીલ્લા બહાર સ્થળ ફેરફાર જે તે કાઉન્સિલ દ્વારા મંજૂર કરવામાં આવે તો યુનિવર્સિટીનાં નિયમો મુજબ પ્રક્રિયા કરી વિવેકાધીન નિર્ણય લેવા માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જોડાણનાં નિયમો મુજબની પ્રક્રિયા કરવાની રહેશે.**

૨ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૨૬/૦૬/૨૦૧૫ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની તા.૨૬/૦૬/૨૦૧૫ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવી.**

**(નોંધ : કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "૦૧" તરીકે આ સાથે સામેલ છે.)**

૩ હિસાબ — ફાઈનાન્સ સમિતિની તા.૧૩/૦૭/૨૦૧૫ને સોમવારના રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા.૧૩/૦૭/૨૦૧૫ની કાર્યવાહીની નોંધ અને ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : ફાઈનાન્સ સમિતિની તા.૧૩/૦૭/૨૦૧૫ના રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૨" તરીકે આ સાથે સામેલ છે.**

૪ હિસાબ — ફાઈનાન્સ સમિતિની તા.૨૮/૦૮/૨૦૧૫ને શુક્રવારના રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા.૨૮/૦૮/૨૦૧૫ની કાર્યવાહીની નોંધ અને ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : ફાઈનાન્સ સમિતિની તા.૨૮/૦૮/૨૦૧૫ના રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૩" તરીકે આ સાથે સામેલ છે.**

૫ બાંધકામ — એસ્ટેટ કમિટિની તા.૨૦/૦૮/૨૦૧૫ને ગુરૂવારના રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટિની તા.૨૦/૦૮/૨૦૧૫ની કાર્યવાહીની નોંધ અને ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : એસ્ટેટ કમિટિની તા.૨૦/૦૮/૨૦૧૫ના રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૪" તરીકે આ સાથે સામેલ છે.**

૬ મહેકમ–અ — ઓર્ડિનન્સ ૧૮૬(એ) મુજબ રચાયેલ યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીઓની જોઈન્ટ કન્સલટેટીવ કમિટીમાં ડો.વર્ષાબહેન છીછીયા તથા ડો.પી.બી. વ્હાવાલાની નિમણૂંક કર્યાનાં માન.કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નોંધ : ઓર્ડિનન્સ ૧૮૬(એ) મુજબ રચાયેલ શૈક્ષણિક કર્મચારીઓની જોઈન્ટ કન્સલટેટીવ કમિટીમાં બે સિન્ડિકેટ સભ્યશ્રીઓની નિમણૂંક કરવા માટે સિન્ડિકેટની તા.૨૬/૫/૨૦૧૨ની સભાના ઠરાવ ક્રમાંક ૧૮ થી માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યની નોંધ લીધી.**

૭ મહેકમ–અ — યુનિવર્સિટીના બિઝનેસ મેનેજમેન્ટ અનુસ્નાતક ભવનમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા શ્રી જગદીશ એમ. સાંબડાને તા.૦૪/૦૮/૨૦૧૫ થી તેમની બિઝનેસ મેનેજમેન્ટ અનુસ્નાતક ભવનની આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા પર કાયમી કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બિઝનેસ મેનેજમેન્ટ અનુસ્નાતક ભવનમાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા શ્રી જગદીશ એમ. સાંબડાને તા.૦૪/૦૮/૨૦૧૫ થી તેમની બિઝનેસ મેનેજમેન્ટ અનુસ્નાતક ભવનની આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યા પર કાયમી કરવા.**

**(નોંધ : શ્રી જગદીશ એમ. સાંબડાનો ખાનગી અહેવાલ સભા સમયે રજૂ કરવામાં આવશે.)**

૮ મહેકમ–અ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોમાં "વ્યાખ્યાતા સહાયક" તરીકે ૧૧ માસ માટે ફરજ બજાવતાં કરાર આધારિત વ્યાખ્યાતાના મહેનતાણાનાં દર માસિક ફિકસ ₹૧૬,૫૦૦/– થી વધારી ₹૨૫,૦૦૦/– તા.૦૧/૦૮/૨૦૧૫ થી કર્યા અંગેના માન.કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા અંગે.

(નોંધ : ગુજરાત સરકારશ્રીનાં શિક્ષણ વિભાગનાં તા.૨૮/૦૫/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક એનજીસી/૧૧૦૪/૧૬૫૭/ખ થી રાજયની સરકારી અને બિન સરકારી અનુદાનિત કોલેજોનાં વ્યાખ્યાતાં અધ્યાપકોના ફિકસ પગારમાં સુધારો કરવામાં આવેલ છે તથા અધ્યાપક/વ્યાખ્યાતા સહાયકને હાલમાં મળતાં વેતન ₹૧૬,૫૦૦/–માં વધારો કરી ₹૨૫,૦૦૦/– કરેલ છે. જે અન્વયે માન.કુલપતિશ્રીએ યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોમાં ૧૧ માસ માટે કરાર આધારિત અધ્યાપકોને મળતાં માસિક ફિકસ વેતન ₹૧૬,૫૦૦/– ને બદલે ₹૨૫,૦૦૦/– તા.૦૧/૦૮/૨૦૧૫ની અસરથી અમલમાં આવે તે રીતે સુધાર્યાના માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવાની રહે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

૯ મહેકમ–અ યુનિવર્સિટીનાં જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં ફરજ બજાવતાં નીચે દર્શાવેલ અધ્યાપકશ્રીઓએ તેમને મળવાપાત્ર ૩૦ દિવસોની ડયુટીલીવની મર્યાદા કરતા વધારાના દિવસોની ડયુટીલીવ શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માં ભોગવેલ છે. જે મંજુર કરવા વિચારણા થવા બાબત.

| **ક્રમ** | **નામ** | **હોદ્દો** | **ભવનનું નામ** | **ભોગવેલ ડયુટીલીવની તારીખ** | **કુલ દિવસ** |
|---|---|---|---|---|---|
| ૧ | ડો.કે.એચ.મહેતા | પ્રોફેસર અને અઘ્યક્ષ | અંગ્રેજી | તા.૨૭/૪/૧૫ થી તા.૩૦/૪/૧૫ તા.૧૪/૫/૧૫ | ૦૫ |
| ૨ | ડો. ડી.જી.કુબેરકર | પ્રોફેસર | ફિઝીકસ | તા.૧૬/૩/૧૫ તા.૧૭/૩/૧૫ | ૦૨ |
| ૩ | ડો. જે.કે.ડોડિયા | પ્રોફેસર | અંગ્રેજી | તા. ૨૯/૪/૧૫ તા. ૬/૫/૧૫ | ૦૨ |
| ૪ | ડો. એ.કે.ચક્રવાલ | કો–ઓર્ડિનેટર | આઈકયુએસી | તા. ૧૩/૪/૧૫ થી તા. ૧૭/૪/૧૫ | ૦૫ |
| ૫ | ડો. એ.એમ.ગોસાઈ | આસીસ્ટન્ટ પ્રોફેસર | કોમ્પ્યુટર સાયન્સ | તા.૧૭/૩/૧૫ તા.૧૮/૩/૧૫ તા.૨૭/૩/૧૫ તા.૧/૪/૧૫ | ૦૪ |

(નોંધ : ઓર્ડિનન્સ ૨૦૫ની જોગવાઈ અનુસાર અનુસ્નાતક ભવનોનાં અધ્યાપકશ્રીઓને વાર્ષિક ૩૦ દિવસની મર્યાદામાં ડયુટીલીવ મળવા પાત્ર છે, જે મંજુર કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને છે. જો કોઈ અધ્યાપકશ્રી શૈક્ષણિક વર્ષ દરમ્યાન ૩૦ દિવસો કરતાં વધારે દિવસોની ડયુટીલીવ ભોગવે તો તે બાબત સિન્ડિકેટ સમક્ષ મંજુરી અર્થે મુકવાની રહે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુકત શૈક્ષણિક કર્મચારીઓએ નિયત ૩૦ દિવસની મર્યાદા કરતા વધારે દિવસો માટે ભોગવેલ ડયુટી લીવ મંજૂર કરવી.**

૧૦ મહેકમ–અ યુનિવર્સિટીનાં ફાર્માસ્યુટીકલ સાયન્સ અનુસ્નાતક ભવનમાં ૧૧ માસ માટે કરાર આધારિત એસોસીએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં અધ્યાપકની મુદત બ્રેક આપી ફરીથી ૧૧ માસ માટે લંબાવી આપ્યાની માનનીય કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

**(નોંધ :**

| ક્રમ | અધ્યાપકશ્રીનું નામ | ભવનનું નામ | મુદત પૂર્ણ થયા તારીખ | મુદત લંબાવી આપ્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧. | ડો. નસીર વડીયા | ફાર્માસ્યુટીકલ સાયન્સ ભવન | તા.૧૪/૮/૧૫ | તા.૨૪/૮/૧૫ થી તા.૨૩/૭/૧૬ |

યુનિવર્સિટીનાં ફાર્માસ્યુટીકલસાયન્સ અનુસ્નાતક ભવનમાં ૧૧ માસ માટે કરાર આધારિત એસોસીએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકની મુદત બ્રેક આપી ૧૧ માસ માટે લંબાવી આપેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

૧૧ મહેકમ–અ નેશનલ કાઉન્સિલ ઓફ ટેકનીકલ એજયુકેશનનાં તા.૨૮/૧૧/૧૪ ના નોટીફીકેશન ક્રમાંક એફ ૫૧–૧/૨૦૧૪ NCTE (N&S) થી એમ.એડ. અભ્યાસક્રમ માટે શૈક્ષણિક સ્ટાફનાં ભરતીનાં નવા નોર્મ્સ નિયત થયેલ છે. તે અન્વયે યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. તેમાં નવા નોર્મ્સનો અમલ કરવાના માન.કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા અંગે તથા આ અંગે ઓર્ડિનન્સ ૨૦૫ માં જરૂરી સુધારો કરવા અંગે વિચારણા થવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીનાં ઉપર્યુકત કાર્યને બહાલી આપવી અને તે અનુસાર ઓર્ડિનન્સ ૨૦૫ માં જરૂરી સુધારો કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે જુદી–જુદી કાઉન્સિલ અંતર્ગત આવતા અભ્યાસક્રમોનાં શૈક્ષણિક લાયકાતના ધોરણોમાં કાઉન્સિલ દ્વારા વખતો–વખત કરવામાં આવતા સુધારાઓ અનુસાર ઓર્ડિનન્સ ૨૦૫ માં સુધારો કરી વિગતો સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.**

**(નોંધ : યુનિવર્સિટી ઓર્ડિનન્સ ૨૦૫ થી શિક્ષણ અનુસ્નાતક ભવનનાં શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેના નોર્મ્સ નિયત થયેલ છે તે અને એનસીટીઈનાં તા.૨૮/૧૧/૧૪ ના નોટીફીકેશનથી એમ.એડ. અભ્યાસક્રમ માટે શૈક્ષણિક સ્ટાફનાં ભરતીના નવા નોર્મ્સ નિયત થયેલ છે. જે પરિશિષ્ટ "૦૫" તરીકે આ સાથે સામેલ છે. જે મુજબ ઓર્ડિનન્સ ૨૦૫ માં સુધારો કરવાનો રહે છે.)**

૧૨ યુનિવર્સિટીનાં ફાર્માસ્યુટીકલ સાયન્સ અનુસ્નાતક ભવન (સ્વનિર્ભર)માં કરાર આધારિત
મહેકમ–અ ૧૧ માસ માટે એસોસીએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં ડો.નસીર વડીયાને માસિક ફિકસ પગાર તા.૦૧/૦૯/૧૫ થી ₹૩૫,૦૦૦/– થી વધારી ₹૪૦,૦૦૦/– કરવા સંદર્ભમાં ભવનનાં વડાની રજુઆત પરત્વે વિચારણા થવા બાબત.

**(નોંધ : ફાર્માસ્યુટીકલ સાયન્સ અનુસ્નાતક ભવન (સ્વનિર્ભર)માં ડો.નસીર વડીયા ૨૦૧૩ થી કરાર આધારિત ૧૧ માસ માટે એસોસીએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે.**

**ભવનનાં વડાએ તેમનાં તા.૦૧/૦૯/૧૫ ના પત્રથી એ પ્રકારની રજુઆત કરેલ છે કે, ડો.નસીર વડીયા હાલમાં કવોલીટી એન્સ્યોરન્સ અને ડ્રગ રેગ્યુલેટરી અફેર્સ બંને બ્રાંચ સંભાળે છે. તેઓને ટીચીંગ અને રીસર્ચનો ૧૦ વર્ષનો અનુભવ છે. હાલમાં રાજય સરકારશ્રી દ્વારા કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરના વેતનનો દર ₹૧૬,૫૦૦/– માસિક ફિકસમાંથી વધારી ₹૨૫,૦૦૦/– કરેલ છે. તે રીતે ડો.નસીર વડીયાને તા.૦૧/૦૯/૧૫ થી ₹૪૦,૦૦૦/– વેતન ચુકવવા રજુઆત કરેલ છે. આ અંગેનો ખર્ચ ભવનનાં સેલ્ફ ફાયનાન્સ ફંડના "ટીચીંગ સ્ટાફ પે" ના હેડમાંથી કરવાનો રહેશે.)**

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ફાર્માસ્યુટીકલ સાયન્સના અનુસ્નાતક ભવનનાં અધ્યક્ષશ્રીની ઉપર્યુકત ભલામણ સ્વીકારવી.**

૧૩ યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રમાં પાર્ટ ટાઈમ ફિકસ પગારમાં તબીબી અધિકારી તરીકે ફરજ
મહેકમ–બ બજાવતાં ડો.એન.ડી.અગ્રાવતનું માસિક ફિકસ મહેનતાણું વધારવા અંગે વિચારણા કરવા બાબત.

**(નોંધ : ૧. ડો.એન.ડી.અગ્રાવતને કાર્યાલય આદેશ નં.મહેકમ/બ/૨/૧૬૦૨/ ૨૦૧૧, તા.૧૬/૧૧/૨૦૧૧ ના આદેશ મુજબ તા.૦૧/૧૧/૨૦૧૧ થી ₹૧૧,૦૦૦/– + ₹૧,૦૦૦/– મળી કુલ ₹૧૨,૦૦૦/– માસિક ફિકસ મહેનતાણું મંજૂર કરવામાં આવેલ છે.**

**૨. સિન્ડિકેટની તા.૨૧/૧૧/૨૦૧૧ની સભાના ઠરાવ નં.૨૮ થી ઉપર્યુકત માસિક ફિકસ મહેનતાણું સુધાર્યા અંગેના માન.કુલપતિશ્રી ના કાર્યને બહાલી આપવામાં આવેલ છે.**

૩. ડો.એન.ડી.અગ્રાવતની મુદત હાલ તા.૩૧/૧૦/૨૦૧૫ સુધી લંબાવવામાં આવેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવીર્સટી આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા પાર્ટ ટાઈમ તબીબી અધિકારીનું માસિક ફીકસ મહેનતાણુ ₹૧૨,૦૦૦/– થી માસિક ફીકસ મહેનતાણુ ₹૧૫,૦૦૦/– કરવું અને તેનો અમલ તા.૦૧/૧૧/૨૦૧૫ થી કરવો.**

૧૪ મહેકમ–બ સ્ટોરકીપરની જગ્યા ભરવામાટે આંતરીક પસંદગીની વરણી સમિતિની તા.૨૪/૦૭/૨૦૧૫ની ભલામણ મુજબ શ્રી જી.જી.ભટ્ટને સ્ટોરકીપરની જગ્યામાં નિમણૂંક આપ્યા અંગેની નોંધ લેવા બાબત.

(નોંધ : ૧. સિન્ડિકેટની તા.૨૧/૧૧/૨૦૧૧ની સભાના ઠરાવ નં.૧૧ થી સ્ટોરકીપરની જગ્યા ભરવા અંગે નીચે મુજબ ઠરાવ થયેલ છે.

"સ્ટોરકીપરની જગ્યાને ISOLATED તરીકેની જગ્યા ગણવી જેને સિનિયર આસિસ્ટન્ટમાંથી આંતરિકપસંદગી પદ્ધતિ દ્વારા ભરવી, સ્ટોરકીપર તરીકેની નિમણૂંકથી તેની સિનિયર આસિસ્ટન્ટ તરીકેની સિનિયોરીટીમાં કોઈ ફેરફાર થશે નહીં. સિનિયર આસિસ્ટન્ટની સિનિયોરીટી મુજબ તથા વિકલ્પ મુજબ જુનિયર સુપ્રિન્ટેન્ડન્ટ/ મદદનીશ હિસાબનીશ/કેશીયર તરીકે બઢતી મેળવવાને પાત્ર ગણાશે."

૨. સિનિયર આસીસ્ટન્ટમાં ફરજ બજાવતાં ૧૨ કર્મચારીઓ પાસેથી સ્ટોરકીપરની જગ્યામાં જવા સંમતિપત્ર મંગાવવામાં આવેલ હતા.

૩. ઉપરોકત ૧૨ કર્મચારીઓ પૈકી ઓડિટ વિભાગના સિનિયર આસીસ્ટન્ટ શ્રી જી.જી.ભટ્ટએ સ્ટોરકીપરની જગ્યામાં જવા સંમતિ આપેલ હતી.

૪. શ્રી જી.જી.ભટ્ટને જનરલ સ્ટોર્સ વિભાગમાં પોસ્ટીગ આપવામાં આવેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યની નોંધ લીધી.**

૧૫ મહેકમ–બ યુનિવર્સિટીનાં શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓની હાજરી બાબતે અદ્યતનીકરણ માટે થમ્બ મશીન સિસ્ટમ દાખલ કરવા વિચારણાં કરવા બાબત.

**(નોંધ : ૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ફરજ બજાવતાં કોન્ટ્રાકટ બેઈઝ, પાર્ટ ટાઈમ તેમજ નિવૃત્ત કર્મચારીઓની હાજરી બાબતે બોયોમેસ્ટ્રીકસ સિસ્ટમ દાખલ કરવા સિન્ડિકેટની તા.૨૬/૦૪/૧૧ની સભાનાં ઠરાવ નં.૫૪ અને ૫૫ અન્વયે માનનીય કુલપતિશ્રી દ્વારા નિયત કરવામાં આવેલ સમિતિની ભલામણ પરત્વે મહેનતાણાંમાં વધારો, શરતો, જોગવાઈઓ અમલમાં આવેલ હતી.**

**૨. બાયોમેસ્ટ્રીકસ સિસ્ટમ અન્વયે જનરલ સ્ટોર્સ દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હતી. જેમાં ૦૬ પાર્ટીઓનાં ભાવ ખોલવામાં આવેલ.**

**૩. સિન્ડિકેટની તા.૨૧/૧૧/૨૦૧૧ની સભાનાં ઠરાવ નં.૨૯માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ફરજ બજાવતાં કોન્ટ્રાકટ બેઈઝ, પાર્ટ ટાઈમ તેમજ નિવૃત્ત કર્મચારીઓની હાજરી બાબતે બોયોમેસ્ટ્રીકસ સિસ્ટમ દાખલ કરવાની બાબત મુલત્વી રાખ્યા અંગેની માનનીય કુલપતિશ્રીનાં કાર્યની નોંધ લેવામાં આવેલ છે.**

**૪. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં બિન શૈક્ષણિક સ્ટાફની મિટિંગ તા.૦૧/૦૫/૨૦૧૫ની સંકલનની બેઠકમાં કર્મચારીઓની હાજરીનાં અદ્યતનીકરણ માટે થમ્બ મશીન સિસ્ટમ  વિકસાવવા પ્રક્રિયા હાથ ધરવી અને રાજકોટ સ્થિત અન્ય કચેરીઓમાં મુકવામાં આવેલ આ પ્રકારનાં મશીનોની સિસ્ટમ જાણવા મુલાકાત લેવા બાબતની બેઠકમાં ચર્ચા વિચારણા બાદ કાર્યવાહી હાથ ધરવા નિર્ણય કરવામાં આવેલ.**

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના શૈક્ષણિક તેમજ બીન શૈક્ષણિક કર્મચારીઓની હાજરી બાબતે અધ્યતનીકરણ માટે થમ્બ મશીન સિસ્ટમ ફેસ ડીટેકટર સહીત દાખલ કરવી.**

૧૬ મહેકમ–બ યુનિવર્સિટીનાં જનરલ સ્ટોર્સ વિભાગમાં મદદનીશ કુલસચિવ તરીકે ફરજ બજાવતાં શ્રી વી.પી.રાઠોડને તેમના ખાનગી અહેવાલને ધ્યાને લઈ મદદનીશ કુલસચિવની જગ્યામાં તા.૧૬/૦૬/૨૦૧૫થી કાયમી કરવા વિચારણા કરવા બાબત.

(નોંધ : ૧. સિન્ડિકેટની તા.૦૫/૦૨/૨૦૧૪ની સભાના ઠરાવ નં.૦૪થી મદદનીશ કુલસચિવ સંવર્ગની જગ્યામાં બઢતી માટે નીચે પ્રમાણેનો નિયમ નિયત કરવામાં આવેલ છે.

(૧) મદદનીશ કુલસચિવ સંવર્ગ :–

૧ મદદનીશ કુલસચિવ સંવર્ગમાં ત્રણ (૦૩) જગ્યાઓ પૈકી એક (૦૧) જગ્યા પર વિભાગીય અધિકારી (વહીવટી) સંવર્ગમાંથી બઢતીથી નિમણૂંક આપવાની રહેશે.

૨ મદદનીશ કુલસચિવએ વહીવટી સંવર્ગની જગ્યા પર ફિડર કેડર તરીકે વિભાગીય અધિકારીની જગ્યા પર પાંચ (૦૫) વર્ષનો અનુભવ હશે તેવા વિભાગીય અધિકારી સિનિયોરીટી મુજબ લાયક ગણાશે.

૩ વિભાગીય અધિકારી કક્ષામાં પાંચ (૦૫) વર્ષના અનુભવી ઉમેદવાર ઉપલબ્ધ ન હોય તો ૧/૩ (એક તૃતિયાંશ) અનુભવની છુટછાટ આપી બઢતી આપવાની રહેશે.

૪ બઢતી માટે યુ.જી.સી. નોર્મ્સ અનુસરવાના રહેશે.

"આથી ઠરાવવામાં આવે છે કે બિન શૈક્ષણિક સ્ટાફની ભરતી–બઢતીના નિયમોમાં ઉપર્યુકત મુજબનો સુધારો કરવો."

"આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નાયબ કુલસચિવ સંવર્ગમાં બઢતીપાત્ર ઉમેદવારે શિક્ષણ વહિવટી પરના ચાર (૪) વીકના સમયગાળાના બે (૨) તાલીમી કાર્યક્રમો બઢતીની તારીખ બાદ એક (૧) વર્ષમાં પૂર્ણ કરવાના રેહેશે."

૨. શ્રી વી.પી.રાઠોડને અત્રેના તા.૧૬/૦૬/૨૦૧૪ના કાર્યાલય આદેશ નં.મહેકમ/બ/૨/૪૩૮/૨૦૧૪ થી મદદનીશ કુલસચિવની જગ્યામાં પે બેન્ડ રૂા.૯૩૦૦–૩૪૮૦૦, ગ્રેડ પે રૂા.૫૪૦૦/– થી બઢતી આપવામાં આવેલ છે. તેઓ તા.૧૬/૦૬/૨૦૧૪ના રોજ મદદનીશ કુલસચિવની જગ્યા પર હાજર થયેલ છે.

૩. ડો.ડી.ડી.પંડયાને એકેડેમિક ઓફિસરની જગ્યામાં કાયમી કરવામાં આવેલ છે,તેમની મદદનીશ કુલચિવની જગ્યા ખાલી છે.

૪. સિન્ડિકેટની તા.૦૭/૦૪/૧૯૯૮ની સભાના ઠરાવ નં.૭ થી નીચે મુજબ ઠરાવ થયેલ છે.

"આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કર્મચારીને કાયમી કરવા વિચારવાનું રહેતુ હોય ત્યારે તે પહેલાના એક માસ અગાઉની સિન્ડિકેટ સમક્ષ તે સંબંધી આઈટમ રજૂ થાય તેમ કરવું.")

**આથી ઠરાવવામાં આવે છે કે શ્રી વી.પી.રાઠોડને અત્રેના તા.૧૬/૦૬/૨૦૧૪ ના કાર્યાલય આદેશ નં.મહેકમ/બ/૨/૪૩૮/૨૦૧૪ થી મદદનીશ કુલસચિવની જગ્યામાં પે બેન્ડ રૂા.૯૩૦૦–૩૪૮૦૦, ગ્રેડ પે રૂા.૫૪૦૦/– થી બઢતી આપવામાં આવેલ છે. શ્રી વી.પી.રાઠોડને તેમના ખાનગી અહેવાલને ધ્યાને લઈ મદદનીશ કુલસચિવની જગ્યામાં તા.૧૬/૦૬/૨૦૧૫થી કાયમી કરવા.**

**(નોંધ : ખાનગી અહેવાલ સભા સમયે રજૂ કરવામાં આવેલ.)**

૧૭ મહેકમ–બ પરીક્ષા નિયામકની જગ્યા ભરવા માટે શૈક્ષણિક લાયકાત તથા તેની વરણી સમિતિ યુ.જી.સી.ના નોર્મ્સ મુજબ રાખવા વિચારણા કરવા બાબત.

**(નોંધ :**

**૧. યુનિવર્સિટીમાં હાલ પરીક્ષા નિયામકની જગ્યા ખાલી છે. પરીક્ષા નિયામકની જગ્યા ભરવા માટે મંજૂરી આપવા માટે સરકારશ્રીના શિક્ષણ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ હતી. શિક્ષણ વિભાગના તા.૦૯/૦૬/૨૦૧૫ના ઠરાવ નં.સરય/૧૩૧૧/૮૬૭૨૪૦/ખ થી સરકારશ્રીએ છઠ્ઠા પગારપંચના પગારધોરણ ₹૧૫૬૦૦–૩૯૧૦૦, ગ્રેડ પે ₹૬૬૦૦/– થી પરીક્ષા નિયામકની જગ્યા ભરવા મંજૂરી આપેલ છે.**

**૨. યુ.જી.સી.ના નોર્મ્સ મુજબ પરીક્ષા નિયામકની જગ્યા માટેની લાયકાતનું ધોરણ અને વરણી સમિતિની રચના નીચે મુજબ છે.**

**૩. યુ.જી.સી.ના નોર્મ્સ મુજબ શૈક્ષણિક લાયકાત અને તે મુજબની વરણી સમિતિ નીચે મુજબની છે.**

**લાયકાત :**
**પરીક્ષા નિયામકઃ**
**❋ યુ.જી.સી.નાં નોર્મ્સ મુજબઃ**

(1) A Master's degree with at least 55% of the marks or its equivalent grade of B in the U.G.C. Seven point scale.

(2) At least 15 years' of experience as Assistant Professor in the AGP of ₹7000 and above or with 8 years' of service in the AGP of ₹8000 and above including as Associate Professor along with experience in educational administration.

***OR***

Comparable experience in research establishment and/or other institutions of higher education.

*OR*

15 years' of administrative experience, of which 8 years shall be as Deputy Registrar or an equivalent post.

**✱ રાજય સરકારશ્રીની જોગવાઈ :**

(3) At the time of appointment Selected candidate possesses a certificate if basic knowledge of computer applications of any recognized institute as per resolution No. CCR-10-2007-120320-G5 dated 13-8-2008 of General Administration Department, Gandhinagar.

**<u>વરણી સમિતિ</u> :**
**પરીક્ષા નિયામકઃ**

(1) Vice Chancellor to be the Chairperson of the Selection Committee.
(2) An academician who is the nominee of the Visitor/ Chancellor, wherever applicable.
(3) Three experts in the concerned subject/field nominated by the Vice Chancellor out of the panel of names approved by the relevant statutory body of the university concerned.
(4) Dean of the faculty, wherever applicable. (લાગુ પડતું નથી.)
(5) Head/Chairperson of the Department/School. (Registrar)
(6) An academician representing SC/ST/OBC/Minority/ Women/ /Differently-abled categories, if any of candidates representing these categories is the applicant, to be nominated by the Vice Chancellor, if any of the above members of the selection committee do not belong to that category.
-- At least four members, including two outside subject experts, shall constitute the quorum.

૪. **કુલસચિવની જગ્યા માટેની વરણી સમિતિ પૈકી નં.૪ માં Dean of the faculty, wherever applicable તેમજ ક્રમ–૫ માં Head/Chairperson of the Department /School ના સ્થાન અંગે યુ.જી.સી. ન્યુ દિલ્હી પાસેથી માર્ગદર્શન માંગતા તેઓએ જણાવેલ છે કે "It is presumed that the Head/Chairperson of the Selection Committee for the**

**post of Registrar may be from the Administration Department."**

**૫. યુ.જી.સી. ન્યુદિલ્હી તરફથી મળેલ ઉપર્યુકત માર્ગદર્શન બાબતે તા.૩૧/૦૫/૨૦૧૪ના રોજ મળેલ સિન્ડિકેટની સભામાં ઠરાવ નં.–૯ થી નીચે પ્રમાણે નિર્ણય થયેલ છે.**

**" આથી ઠરાવવામાં આવે છે કે યુ.જી.સી. તરફથી મળેલ માર્ગદર્શન મુજબ કુલસચિવની વરણી સમિતિ પર હેડ ઓફ ડીપાર્ટમેન્ટ તરીકે માન.કુલપતિશ્રીનું સ્થાન રાખવું."**

**૬. ઉપર્યુકત વિગતે વરણી સમિતિમાં નં.૪ પરીક્ષા નિયામકની વરણી સમિતિને લાગુ પડતુ નથી. જયારે ક્રમ–૫ તરીકે પરીક્ષા નિયામકના હેડ તરીકે કુલસચિવશ્રીનું સ્થાન રહેલું છે.**

**૭. સિન્ડિકેટની તા.૧૩/૦૨/૨૦૧૩ની સભાના ઠરાવ નં.૧૨થી કુલસચિવની જગ્યા માટે વરણી સમિતિમાં સભ્યશ્રી તરીકે તમામ સિન્ડિકેટ સભ્યશ્રીઓને સ્થાન આપવામાં આવેલ છે.**

**૮. યુ.જી.સી. નોર્મ્સ મુજબ પરીક્ષા નિયામકની જગ્યા રજીસ્ટ્રારની જગ્યા સમકક્ષ છે. જે ઘ્યાને લેતાં કોઈ લીટીગેશન ઉદભવે નહિ તે હેતુ સબબ પરીક્ષા નિયામકની જગ્યા માટેની શૈક્ષણિક લાયકાત, અનુભવ તથા વરણી સમિતિ રજીસ્ટ્રારની જગ્યા મુજબ જ રાખવા નિર્ણય કરવાનો રહે.**

**આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા નિયામકની જગ્યાની ભરતી માટે શૈક્ષણિક લાયકાતનાં ધોરણો યુ.જી.સી.ના નોર્મ્સ મુજબ રાખવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે પરીક્ષા નિયામકની જગ્યાનાં ભરતી માટે વરણી સમિતિ નિયત કરવાની બાબત આગામી સિન્ડિકેટમાં પુનઃવિચારણા માટે રજૂ કરવી.**

૧૮ સામાન્ય — સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની ૧૯૬૫ ની કલમ–૫૧માં રહેલ જોગવાઈ મુજબ તા.૦૧/૦૪/૨૦૧૪ થી તા.૩૧/૦૩/૨૦૧૫ સુધીના સમયનો અડતાલીશમો વાર્ષિક અહેવાલ તૈયાર કરવામાં આવનાર છે, માન.કુલપતિશ્રીએ વાર્ષિક અહેવાલ માટે સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ નીચે મુજબના સભ્યોની નિમણુંક કરેલ છે, માન.કુલપતિશ્રીના આ કાર્યને બહાલી આપવા બાબત.

૧. ડો.વિજયભાઈ પટેલ
૨. ડો.ધરમ ડી.કાંબલીયા
૩. ડો.મેહુલભાઈ રૂપાણી
૪. ડો.સંજય મુર્ખજી

૫. ડો.નિતીન વડગામા
૬. ડો.રાજેશ ચાટલીયા

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

૧૯ સામાન્ય — શ્રી મારૂતિ કુરિયર સર્વિસ, અમદાવાદને કુરિયર કામ સેવા તા.૦૧/૦૭/૨૦૧૫ થી તા.૩૧/૦૭/૨૦૧૫ સુધીના સમય માટે તેમજ તા.૦૧/૦૮/૨૦૧૫ થી તા.૩૧/૦૮/૨૦૧૫ સુધીના સમય માટે લંબાવી આપવા માન.કુલપતિશ્રીએ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ આદેશ કરેલ હતા, માન.કુલપતિશ્રીના આ કાર્યને બહાલી આપવા વિચારણા કરવા બાબત.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લોકલ તથા બહારગામની ટપાલો મોકલવા માટે રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી નિયત ટેન્ડર ફોર્મ બંધ કવરમાં ભાવો મંગાવવા સંદેશ દૈનિક પત્રમાં જાહેરાત આપી ભાવો મંગાવામાં આવેલ હતા, જે અન્વયે (૧) શ્રી તિરૂપતિ કુરિયર સર્વિસ, રાજકોટ તથા (૨) શ્રી મારૂતિ કુરિયર સર્વિસ, અમદાવાદ તરફથી ટેન્ડર ફોર્મ આવેલ હતા. આ પાર્ટીઓ પૈકી શ્રી તિરૂપતિ કુરિયર સર્વિસ, રાજકોટના ભાવો લોએસ્ટ જણાતા આ બાબત તા.૧૩/૦૭/૨૦૧૫ની ફાઈનાન્સ સમિતીના ઠરાવ નં.૧૫ દ્વારા મંજુર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવેલ. આ બાબતને માન.કુલપતિશ્રીએ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ મંજુર કરેલ હોય આ બાબતને બહાલી આપવા વિચારણા કરવા બાબત.

**(નોંધ : સામાન્ય વિભાગના પત્ર ક્રમાંક : નં.સામાન્ય/કુરિયર સર્વિસ/૨૦૭/૨૦૧૫, તા.૧૧/૦૯/૨૦૧૫ના પત્રથી શ્રી તિરૂપતિ કુરિયર સર્વિસ, રાજકોટને તા.૧૨/૦૯/૨૦૧૫ થી તા.૧૧/૦૯/૨૦૧૬ સુધીના સમય માટે પત્રમાં જણાવ્યા મુજબના ભાવે કુરિયર કામની સેવા સોંપવામાં આવેલ છે, તેમજ આ કામગીરી લેવા સામાન્ય વિભાગના પત્ર નં.સામાન્ય/કુરિયર સર્વિસ/૨૦૮/૨૦૧૫, તા.૧૧/૦૯/૨૦૧૫થી પરિપત્રીત કરવામાં આવેલ છે.)**

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલ, વિદ્યાશાખા, અભ્યાસ સમિતિ સહિતના પત્રવ્યવહાર, એજન્ડા, મીનીટસ વગેરેઈ–મેઈલ દ્વારા મોકલવા અને પરિપત્રો વેબ સાઈટ ઉપર મુકવા.**

૨૦ લીગલ — આ યુનિવર્સિટીની સિન્ડિકેટે તેની તા.૫–૫–૨૦૦૫ની સભાના ઠરાવ નં.૨૧ થી ઘડેલ ઓર્ડિનન્સ Ordinance 188 (13)(B) (xi) તેમજ ઓર્ડિનન્સ Ordinance 189 (9) (b) જે હાલમાં છે તેમાં કોલેજના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ માટેના સસ્પેન્શન અને તેના રેટીફીકેશન અંગેની જોગવાઈઓ છે તે રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

**(નોંધ :** ગુજરાત યુનિવર્સિટીઝ સર્વિસીઝ ટ્રીબ્યુનલ એકટ અને સંલગ્ન કોલેઝીસ સર્વિસી

ટ્રીબ્યુનલ એકટ–૧૯૮૨, ગુજરાત સરકારશ્રીએ રદ કરેલ છે. તેની જગ્યાએ જુદી જુદી ટ્રીબ્યુનલના બદલે ટ્રીબ્યુનલ શૈક્ષણિક સંસ્થાઓની સેવાઓ માટે એકજ ટ્રીબ્યુનલની રચના તા.૦૨/૧૧/૨૦૧૩ થી અમલમાં આવે તે રીતે નવો કાયદો ઘડેલ છે.

જુનો એકટ જયારે અમલમાં હતો ત્યારે આ એકટને અનુરૂપ ઓર્ડિનન્સ યુનિવર્સિટીમાં બનાવેલ હતા. આ એકટમાં યુનિવર્સિટી કર્મચારીઓને તથા સંલગ્ન કોલેજના કર્મચારીઓને જયારે ફરજ પરથી સસ્પેન્ડ કરવામાં આવતા હતા ત્યારે યુનિવર્સિટી ટ્રીબ્યુનલ એકટ અને કોલેજ ટ્રીબ્યુનલ એકટ અને તેના આધારે ઘડવામાં આવેલા ઓર્ડિનન્સ મુજબ કાર્યવાહી કરવામાં આવતી હતી.

સંલગ્ન કોલેજોના શિક્ષકો માટે ઉકત જોગવાઈ અનુસાર યુનિવર્સિટીએ સિન્ડિકેટની તા.૦૫/૦૫/૨૦૦૦ની સભાના ઠરાવ નં.૨૧ થી ઘડેલ ઓર્ડિનન્સ ૧૮૮ (૧૩)(બી) અને કોલેજના બીન શૈક્ષણિક કર્મચારીઓ માટે ઓર્ડિનન્સ ૧૮૯(૯)(એ) અનુસાર સસ્પેન્શન અને રેટીફીકેશન ઓફ ધી સસ્પેન્શન ઓર્ડર માટે નીચે પ્રમાણેના ઓર્ડિનન્સ ઘડેલ હતા.

Ordinance 188 (13)(B) (xi) બીન શૈક્ષણિક કર્મચારીઓ માટેનો નીચે મુજબ છે :

If, in the opinion of the management, the charge of charges, is or are or such a nature that the present of the teacher against whom the charge or charges is or are made, the prejudicial to the working of college, the management may place him under suspension during the pendency of the inquiry. Where a college employee is suspended by the management of the college pending any inquiry proposed to the held against him, the fact of such suspension to gather with the grounds therefore, shall be communicated by the management of college to the Vice-chancellor of the University within a period of seven days after such suspension and such suspension shall be subject to ratification by the Vice-Chancellor within period of forty five days from the date of receipt of the communication in this behalf by the Vice-Chancellor and if such ratification is not communicated to the management of the college by the Vice-Chancellor with such period, the suspension of the college employee shall cease to have effect on the expiry of such period either an employee or college management may appeal to the Tribunal against the order of Vice-Chancellor.

Ordinance 189 (9) (b) કોલેજના બીનશૈક્ષણિક કર્મચારીઓ માટેનો નીચે મુજબ છે :

Where a college employee is suspended by the management of a college pending any inquiry proposed to be held against him, the fact of such suspension together with the ground therefore, shall be communicated by the management or college to the Vice-Chancellor of the (relevant) University within a period of seven days after such suspension and such suspension shall be subject to ratification by the Vice-Chancellor within a period of forty five days from the date of receipt of the communication in this behalf by the Vice-Chancellor and if such ratification is not communicated to the manager of the college by the Vice-Chancellor within such period, the suspension of the college employee shall cease to have effect on the expiry of such period : Either or employee or college management may appeal to the Tribunal against the order of Vice-Chancellor.

ગુજરાત સરકારશ્રીએ શિક્ષણને લગતી બધી ટ્રીબ્યુનલના અલગ અલગ એકટ હતા તે તમામ રદ કરી "શૈક્ષણિક સંસ્થાઓની સેવાઓ માટે એકજ ટ્રીબ્યુનલ ૨૦૦૬માં રચાયેલ છે જે તા.૦૨/૧૧/૨૦૧૩ થી અમલમાં આવેલ છે. નવા ઘડવામાં આવેલા એકટમાં સસ્પેન્શન અને રેટીફીકેશન અંગે કોઈ જોગવાઈ આ એકટમાં કરવામાં આવેલ નથી. જયાં સુધી સિન્ડિકેટે ઘડેલ ઓર્ડિનન્સમાંથી સંબંધીત ભાગ રદ કરવામાં ન આવે ત્યાં સુધી યુનિવર્સિટીએ જુના ઓર્ડિનન્સનો અમલ કરવાનો રહે છે.

અમરેલીની કે.કે.પારેખ કોમર્સ કોલેજના આચાર્યશ્રી ડો.હરિશ એમ. શાહને કોલેજ સંચાલક મંડળે ફરજ મોકુફ (સસ્પેન્ડ) કરતાં તેના રેટીફીકેશન માટેની દરખાસ્ત કોલેજ મેનેજમેન્ટે યુનિવર્સિટીને મોકલાવેલ હતી. યુનિવર્સિટીએ નવો એકટ અમલમાં આવેલ હોય અને નવા એકટમાં આવી કોઈ જોગવાઈ ન હોવાથી કોલેજ મેનેજમેન્ટે કરેલી દરખાસ્ત યુનિવર્સિટીએ મેનેજમેન્ટને પરત કરેલ હતી. આ સંદર્ભે ડો. શાહ ટ્રીબ્યુનલમાં ગયેલ હતા અને ટ્રીબ્યુનલે એવું અવલોકન કરેલ છે કે જયાં સુધી યુનિવર્સિટીના ઓર્ડિનન્સમાંથી આ સંદર્ભ ભાગ રદ ન થાય ત્યાં સુધી યુનિવર્સિટી તેમના ઓર્ડિનન્સોનો અમલ કરવાનો રહે છે. આ રીતે ડો.શાહની તરફેણમાં નામ.ટ્રીબ્યુનલમાં આ બાબતે ચુકાદો આવતાં યુનિવર્સિટીના એડવોકેટશ્રીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આ ઓર્ડિનન્સ સુધારવા માટે ઘ્યાન દોરેલ છે.

ઉકત બાબતો ઘ્યાને લઈ આ યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૧૮૮ અને ૧૮૯ની ઓર્ડિનન્સ–૧૮૮(૧૩)(બી) અને ઓર્ડિનન્સ–૧૮૯ (૯)(બી) માંથી સસ્પેન્શન અને રેટીફીકેશન ઓફ ધી સસ્પેન્શન ઓર્ડર અંગેની બાબત છે તે બાબતનો આ સંદર્ભ ભાગ રદ કરવાની રહે છે (આ સિવાયની ઓર્ડિનન્સ–૧૮૮ અને ૧૮૯ ના ઓર્ડિનન્સની તમામ જોગવાઈ યથાવત રાખવાની રહે છે.) તથા ભવિષ્યમાં "The Gujarat-Educational Institutions Service Tribunal Act,2006" ના કાયદામાં જે કંઈ સુધારા–વધારા સસ્પેન્શન અને રેટીફીકેશન અંગે ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવે તેનો અમલ યુનિવર્સિટીએ કરવાનો

રહેશે.)

**આથી ઠરાવવામાં આવે છે કે ઓર્ડિનન્સમાં સુધારા માટે મુસદ્દા સહિત અહેવાલ આપવા માટે નીચે મુજબ કમિટિની રચના કરવી.**

**૧. ડો.વિજયભાઈ પટેલ**
**૨. ડો.ગીરીશભાઈ ભીમાણી**
**૩. શ્રી નેહલભાઈ શુકલ**
**૪. ડો. ધરમભાઈ કાંબલીયા**
**૫. ડો. મેહુલભાઈ રૂપાણી**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કમિટિ દ્વારા એક માસની અંદર અહેવાલ રજૂ કરવો અને તે અહેવાલ આગામી સિન્ડિકેટમાં રજૂ કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કમિટિ દ્વારા આગામી સિન્ડિકેટની મીટીંગ પહેલા અહેવાલ રજૂ ન થાય તે સંજોગોમાં સદરહુ બાબત મંજૂરી અર્થે ફરીથી આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી.**

૨૧ જનરલ સ્ટોર્સ

સવિનય જણાવવાનું કે જુદા જુદા વિભાગો તથા ભવનો માટે કોમ્પ્યુટર કંન્ઝયુમેબલ આઈટેમ તથા જનરલ સ્ટેશનરી આઈટેમનાં રેઈટ કોન્ટ્રાકટ ની મુદ્દત તા.૩૧/૦૩/૧૫ ના રોજ પૂર્ણ થતી હોવાથી કોમ્પ્યુટર કંન્ઝયુમેબલ આઈટેમના તથા જનરલ સ્ટેશનરી આઈટેમના રેઈટ કોન્ટ્રાકટ માટે દૈનિક પત્ર "સંદેશ" માં તા.૧૮/૦૪/૨૦૧૫ ના રોજ જાહેરાત આપવામાં આવેલ હતી. ટેન્ડર બહાર પાડતા કોમ્પ્યુટર કંન્ઝયુમેબલ આઈટેમ માટે કુલ–૦૪ પાર્ટીઓએ તથા જનરલ સ્ટેશનરી આઈટેમ એનેકક્ષર " એ " માટે કુલ–૦૫ પાર્ટીઓએ તથા એનેકક્ષર " બી " માટે કુલ–૦૩ પાર્ટીઓએ ટેન્ડર ઉપાડેલ હતા. તા.૩૦/૦૪/૨૦૧૫ ના રોજ ટેન્ડર પરત કરવાની છેલ્લી તારીખ હોય નીચે મુજબની પાર્ટીઓના ટેન્ડર પરત આવેલ છે.

## કોમ્પ્યુટર કંન્ઝયુમેબલ સ્ટેશનરી

| ક્રમ | પાર્ટીનું નામ | ગામ |
|---|---|---|
| ૧ | શ્રીજી સેલ્સ કોર્પોરેશન | રાજકોટ |
| ૨ | શિવાની સ્ટેશનરી એન્ડ પ્રીન્ટીગપ્રેસ | રાજકોટ |

## જનરલ સ્ટેશનરી એનેકક્ષર "એ"

| ક્રમ | પાર્ટીનું નામ | ગામ |
|---|---|---|
| ૧ | શિવાની સ્ટેશનરી એન્ડ પ્રીન્ટીગપ્રેસ | રાજકોટ |
| ૨ | સ્નેહદીપ સ્ટેશનર્સ એન્ડ પ્રિન્ટર્સ | રાજકોટ |
| ૩ | પટેલ સીઝન સ્ટોર્સ | રાજકોટ |

## જનરલ સ્ટેશનરી એનેકક્ષર "બી"

| ક્રમ | પાર્ટીનું નામ | ગામ |
|---|---|---|
| ૧ | પટેલ સીઝન સ્ટોર્સ | રાજકોટ |
| ૨ | રિધ્ધિ–સિધ્ધિ સ્ટેશનર્સ | રાજકોટ |
| ૩ | શિવાની સ્ટેશનરી એન્ડ પ્રિન્ટીગ પ્રેસ | રાજકોટ |

ઉપર્યુકત વિગતે જે પાર્ટીના જે આઈટેમમાં લોએસ્ટ (L1) ભાવ આવેલ છે, તેના ભાવ હાઈલાઈટ કરેલ છે. જે ઘ્યાને લઈ આગામી આગામી ફાયનાન્સ કમિટીની બહાલીની અપેક્ષાએ લોએસ્ટ (L1) આવેલ પાર્ટી સાથે તા.૩૧/૦૩/૧૬ સુધીનો રેઈટ કોન્ટ્રાકટ કરવા તથા પાર્ટીને તે મુજબ ઓર્ડર આપવા માટે તા.૦૮.૦૫.૨૦૧૫ના રોજ નોંધ લખેલ હતી જેમાં માન.કુલપતિશ્રીના આદેશાનુસાર ફાયનાન્સ કમિટીમાં મુકવા આદેશ આપેલ હતો.

તા.૧૩/૦૭/૨૦૧૫ની ફાયનાન્સ કમિટીની સભામાં થયેલ ઠરાવ નં.૫ મુજબ દ્વારા જે પાર્ટીઓએ ટેન્ડર ભરેલ છે તેમની સ્થળ તપાસ કરવા માટે કમિટીની નીમણુક કરવામાં આવેલ હતી. જે કમિટીએ તા.૨૮/૦૮/૨૦૧૫ના રોજ સ્થળ તપાસ કરેલ, જેનો રીપોર્ટ આ સાથે સામેલ છે. સ્થળ તપાસ રીપોર્ટ ઘ્યાને લેતા કોઈ વિસંગતતા જણાયેલ નથી.

સબબ ઉપરોકત બાબતો, જુદા જુદા વિભાગો તથા ભવનોની સ્ટેશનરી બાબતેની પેન્ડીગ ડીમાન્ડ, જનરલ સ્ટોર્સ પાસે સ્ટોકની ઉપલ્બધતા ન હોય તથા સદરહુ બાબતેની સમય મર્યાદા ઘ્યાને લઈ સદરહુ રેઈટ કોન્ટ્રાકટ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ લોએસ્ટ (L1) આવેલ પાર્ટી સાથે તા.૦૧/૦૮/૨૦૧૫ થી તા.૩૧/૦૭/૨૦૧૬ સુધીનો રેઈટ કોન્ટ્રાકટ કરવા તથા પાર્ટીને તે મુજબ ઓર્ડર આપવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સૌથી ઓછા ભાવ આપનાર પાર્ટી સાથે તા.૦૧/૧૦/૨૦૧૫ થી તા.૩૦/૦૯/૨૦૧૫ સુધીનો એક વર્ષનો રેઈટ કોન્ટ્રાકટ કરવો.**

૨૨ મહેકમ–બ — યુનિવીર્સટીમાં ખાલી રહેલ આસીસ્ટન્ટ કમ કલાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટરની જનરલ કેટેગરીની ૨ (બે) ખાલી જગ્યા ભરવા માટે તા.૨૮/૦૯/૨૦૧૫ને સોમવારના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે વરણી સમિતિની તા.૨૮/૦૯/૨૦૧૫ની ભલામણ સ્વીકારવી અને (૧) શ્રી વ્યાસ આશિષ મયુરકુમાર અને (૨) શ્રી ભેદરડા અજય દેવશીભાઈ ને આસીસ્ટન્ટ કમ કલાર્ક કમ ડેટા એન્ટ્રી ઓપરેટરની બિન અનામતની જગ્યા પર રૂા.૭૮૦૦/– પ્રતિમાસ ફિકસ વેતનથી, હાજર થાય તે તારીખથી સરકારશ્રીના કરાર આધારે ફીકસ પગારથી નિમણૂંક આપવા અંગેના નિયમો મુજબ નિમણૂંક આપવી.**

**(નોંધ : વરણી સમિતિની ભલામણ સભા સમયે રજૂ કરવામાં આવશે.)**

૨૩ બાંધકામ — સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પર આવેલા સેવા સંકુલમાં યુનિયન બેંક ઓફ ઈન્ડિયાને એ.ટી.એમ. માટે જગ્યા ફાળવવાના માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા અંગે.

(નોંધ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પર આવેલા સેવા સંકુલમાં પોસ્ટ ઓફિસ અને સીડી વચ્ચે આવેલા રૂમમાં માસીક ₹૫,૦૦૦/– વપરાશી ચાર્જ (ભાડુ) નકકી કરીને યુનિયન બેંક ઓફ ઈન્ડિયાને એ.ટી.એમ. માટે જગ્યા ફાળવવાના માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા અંગે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

૨૪ સિન્ડિકેટ આગામી તા.૧૯/૧૨/૨૦૧૫ સેનેટની (વાર્ષિક) સભામાં સ્ટેચ્યુટ રજૂ કરવા સભ્યનું નામ નકકી કરવા તથા સભ્યશ્રીઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોના જવાબો ચકાસવા પ્રશ્નોત્તરી કમિટિના સભ્યોની નિમણૂંક કરવા બાબત.

**નોંધઃ– આ પહેલા તા.૨૯/૦૩/૨૦૧૫ની સેનેટ સભા માટે નિયુકત કરેલ સભ્યશ્રીઓના નામ નીચે મુજબ છે.**

૧. **સ્ટેચ્યુટ** – શ્રી મેહુલભાઈ રૂપાણી
૨. **વાર્ષિક અહેવાલ** – ડો.વર્ષાબેન છીછીયા
૩. **અંદાજપત્ર** – ડો. વિજયભાઈ કે. પટેલ

૪. **પ્રશ્નોત્તરી કમિટિ**
   ૧. ડો. ગીરીશભાઈ સી. ભીમાણી
   ૨. ડો. ભાવિનભાઈ કોઠારી
   ૩. શ્રી નેહલભાઈ શુકલ

**નોંધઃ– તા.૧૯/૧૨/૨૦૧૫ની સેનેટ સભા માટે નિયુકત કરવાના થતા સભ્યશ્રીઓ**

૧. **સ્ટેચ્યુટ** –

૨. **પ્રશ્નોત્તરી કમિટિ**
   ૧.
   ૨.
   ૩.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુકત બાબતે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

૨૫ જોડાણ શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા.૨૦/૦૭/૨૦૧૫ ના પત્ર ક્રમાંક : એસસીએ / ૨૦૧૫ / કોર્ટ–૧૧ / ખ.૧ વંચાણે સાદર રાખેલ છે, પત્રની વિગતે શ્રી આર.જે.હેરમા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સતાપર સંચાલિત સંલગ્ન કોલેજમાં નવા અભ્યાસક્રમ બી.એસસી.નું જોડાણ આપવા અન્વયે

– નામદાર ગુજરાત હાઈકોર્ટના ઓરલ ઓર્ડર પરત્વે રાજય સરકારશ્રીને અરજદાર ટ્રસ્ટના પ્રતિનિધિઓને અને યુનિવર્સિટીના સબંધિત અધિકારીશ્રીઓને હાજર રહેવા આદેશ કરેલ.

– અગ્રસચિવશ્રી, શિક્ષણ દ્વારા બંને પક્ષકારોને સાંભળ્યા બાદ કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા નિયુકત ડો. રંજનાબેન અગ્રવાલ દ્વારા જરૂરી સ્થળ તપાસ કરીને અહેવાલ માન. કુલપતિશ્રીને રજૂ કરવા જણાવેલ.

– ડો. રંજનાબેન અગ્રવાલ દ્વારા તેમનો અહેવાલ કુલપતિશ્રીને રજૂ કરતા ડો. અગ્રવાલનો અહેવાલ અને કુલપતિશ્રીનો પત્ર કમિશ્નરશ્રીને રજૂ કરવામાં આવેલ.

– ડો. રંજનાબેન અગ્રવાલના અહેવાલમાં જણાવ્યા પ્રમાણે કોલેજમાં હાલ ૬૦ વર્ગખંડો છે. જેમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક, નિવાસી હોસ્ટેલ, બી.એ., બી.કોમ., બી.સી.એ., બી.એડ. જેવા અભ્યાસક્રમો એક જ બિલ્ડીગમાં ચાલે છે અને બધી જ સુવિધાઓ ઉપલબ્ધ છે. જે ઉકત બધા અભ્યાસક્રમો માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ટ્રસ્ટ દ્વારા બી.એસસી. ની મંજૂરી મળ્યે જરૂરી સાધન સામગ્રી વિકસાવવામાં આવશે તે મુજબની લેખિત બાંહેધરી આપવામાં આવેલ છે. ટ્રસ્ટ દ્વારા નવી બી.એસસી. કોલેજ માટે બિલ્ડીગ અને અન્ય માળખાકીય સુવિધાઓ અલગથી ઉભી કરવામાં આવેલ નથી.

– કુલપતિશ્રી દ્વારા ડો. રંજનાબેન અગ્રવાલ સમિતિના અહેવાલની સાથે સંમતિ દર્શાવીને ટ્રસ્ટ સંચાલિત સૂચિત નવા બી.એસસી. અભ્યાસક્રમ માટે વર્ષ ૨૦૧૫–૧૬ માટે નવું જોડાણ મંજૂર નહી કરવા અંગે રાજય સરકારશ્રીને પુનઃ સ્પષ્ટ ભલામણ કરવામાં આવેલ.

– શિક્ષણ વિભાગ દ્વારા ઉકત હકીકત ધ્યાને લઈ "ઉપરોકત તમામ વિગતો અને સાધનિક દસ્તાવેજી આધાર પુરાવાઓ ધ્યાને લઈને શ્રી આર. જે. હેરમા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, સતાપર, તા.જામજોધપુર, જી.જામનગર દ્વારા શ્રીમતિ એસ.આર.હેરમા બી.એડ. કોલેજ, સતાપર સંલગ્ન નવી બી.એસસી. સાયન્સ કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ માં જોડાણ આપવા અંગેની ટ્રસ્ટની રજૂઆતનો સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા અસ્વિકાર કરવામાં આવ્યો છે, તેને રાજય સરકારનું અનુમોદન આપવામાં આવે છે અને ટ્રસ્ટની ઉપરોકત અભ્યાસક્રમના નવા જોડાણ માટેની જોડાણ અરજીનો અસ્વિકાર કરવામાં આવે છે, તે મુજબનો હુકમ કરવામાં આવેલ છે.

સબબ, શિક્ષણ વિભાગના તા.૨૦/૦૭/૨૦૧૫ ના પત્રથી કરેલ હુકમ અન્વયે નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણ વિભાગના તા.૨૦/૦૭/૨૦૧૫નાં પત્રથી કરેલ હુકમ અનુસાર "યુનિવર્સિટી દ્વારા શ્રી આર.જે.હેરમા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, સતાપરને જોડાણ ન આપવા માટે કરેલી ભલામણ" ને અનુમોદન**

**આપેલ છે તેની નોંધ લેવી.**

૨૬ જોડાણ શિક્ષણ વિભાગ, ગાંધીનગરનો તા.૧૦/૦૯/૨૦૧૫ નો પત્ર ક્રમાંક : સયજ / ૨૬૦૯ / ૫૪૦ / ખ.૧ વંચાણે સાદર રાખેલ છે, પત્રની વિગતે યુનિવર્સિટી સંલગ્ન દર્શન ચેરીટેબલ એન્ડ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત એ. આર. ભટ્ટ કોમ્પ્યુટર સાયન્સ કોલેજ, ઉનાના વર્ષ ૨૦૧૨ થી વર્ષ ૨૦૧૪ સુધીના નવા, ચાલુ જોડાણ માટેની જાહેરનામાની ભલામણ અત્રેથી તા.૨૦/૦૬/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ. જેમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ ના ઠરાવમાં ટ્રસ્ટનું નામ શરતચૂકથી શ્રી ગીર વિકાસ મંડળ સંચાલિત એ.આર.ભટ્ટ કોમ્પ્યુટર સાયન્સ થયેલ હોય, વર્ષ ૨૦૧૨–૧૩ નો ઠરાવ દર્શન ચેરીટેબલ એન્ડ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત એ.આર.ભટ્ટ કોમ્પ્યુટર સાયન્સ કોલેજ તે મુજબ સુધારી ફરી રજૂ કરવા જણાવેલ છે, વધુમાં શ્રી ગીર વિકાસ મંડળમાંથી શ્રી દર્શન ચેરીટેબલ એન્ડ એજયુકેશન ટ્રસ્ટ મુજબનો ફેરફાર અત્રેના પરિપત્ર નં. જોડાણ/૨/૧૮૦૮/'૧૦, તા.૨૪/૦૯/૨૦૧૦ થી કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના પત્ર અન્વયે ઉકત કોલેજનો વર્ષ ૨૦૧૨–૧૩ ના ઠરાવમાં શ્રી ગીર વિકાસ મંડળ ને બદલે શ્રી દર્શન ચેરીટેબલ એન્ડ એજયુકેશન ટ્રસ્ટ મુજબનો સુધારો કરી ફરી જાહેરનામા માટે દરખાસ્ત કરવાની રહેતી હોય તે મુજબ ઠરાવ સુધારો કરવા અર્થે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત હાલ મુલત્વી રાખવી અને જે તે વર્ષમાં કોલેજ દ્વારા કરવામાં આવેલી અરજી, સિન્ડિકેટ દ્વારા થયેલ ઠરાવ અને માનનીય રાજય સરકારશ્રીના પત્ર પરિશિષ્ઠ તરીકે સાથે રાખી બાબત આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી.**

૨૭ જોડાણ ડો. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણીયા, પોરબંદરનો તા.૧૧/૦૮/૨૦૧૫ નો પત્ર વંચાણે સાદર રાખેલ છે, પત્રની વિગતે શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત ડો. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણીયા કોલેજ ઓફ આર્ટસ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી કે જે યુનિવર્સિટી સંલગ્ન પોરબંદર ખાતે ચાલે છે તેને ઓટોનોમસ કોલેજની મંજૂરી આપવા બાબતે પત્ર લખેલ છે, પત્રમાં જણાવ્યા પ્રમાણે ટ્રસ્ટ ઘણા વર્ષોથી શૈક્ષણિક ક્ષેત્ર સાથે સંકળાયેલ છે તેમજ કોલેજ લેવલે પણ ઘણા વર્ષોથી કાર્યરત છે તેમજ કોલેજ પાસે પૂરતા પ્રમાણમાં જગ્યા, બાંધકામ, ઈન્ફાસ્ટ્રકચર વગેરે ઉપલબ્ધ છે તેમજ કોલેજની હાલની વ્યવસ્થાઓ અને ઉપલબ્ધીઓની યાદી સાથે કોલેજની ઓટોનોમસની દરખાસ્ત પણ સામેલ રાખેલ છે.

કોલેજની ઓટોનોમસ માટેની દરખાસ્ત અન્વયે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સદરહું બાબતે યુનિવર્સિટીના નિયમો મુજબની કાર્યવાહી કરવી.**

૨૮ જોડાણ આચાર્યશ્રી, શ્રી હરજીવન પ્રભુજી એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી નેશનલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, જામનગર તરફથી જુન ૨૦૧૪ થી નીચેની વિગતે ચાલુ/વધારાનું જોડાણ માટે આવેલ અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉનિસલની તા.૩૦/૩/૨૦૧૫ ની સભાનાં ઠરાવ ૧૬૮ પર વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગતઃ–**
**વિજ્ઞાન વિદ્યાશાખા (ચાલુ જોડાણ)**
બી.સી.એ.પદવીના અભ્યાસક્રમ
પી.જી.ડી.સી.એ.ના અભ્યાસક્રમ
**બિઝનેશ મેનેજમેન્ટ વિદ્યાશાખા (વધારાનુ જોડાણ)**
દ્વિતીય વર્ષ બી.બી.એ.ના અભ્યાસક્રમ

**નોંધ :** (૧) સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓનો તા.૦૧/૦૮/૨૦૧૪ નો અહેવાલ તા.૦૬/૦૮/૨૦૧૪ના રોજ અત્રે મળેલ છે. ચાલુ જોડાણ આપવા ભલામણ કરેલ છે.
(૨) આચાર્ય, ગ્રંથપાલ અને પી.ટી.આઈ. ની નિમણુંક થયેલ નથી.
(૩) સંસ્થા પાસે કોલેજની જમીન અને મકાન ટ્રસ્ટીના નામ પર છે.
(૪) વિદ્યાર્થી દીઠ બાંધકામની જગ્યા ૬.૪૮ દર્શાવેલ છે.
(૫) કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે. સી.સી.ટી.વી. કેમેરા રેકોડીગની કેપેસીટીના ફીટ કરેલ છે.

**એકેડેમિક કાઉન્સિલની તા.૩૦/૦૩/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક : ૧૬૮**

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી, શ્રી હરજીવન પ્રભુજી એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી નેશનલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, જામનગરની જોડાણ અરજી અને તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ સ્વીકારી તે મુજબ ઉપર્યુકત જોડાણની વિગતમા દર્શાવેલ વિદ્યાશાખાઓના વિષયો/અભ્યાસક્રમોનું તા.૧૫/૦૬/૨૦૧૪ થી તા.૧૪/૦૬/૨૦૧૫ સુધી એક વર્ષનું"ચાલુ અને વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

**આથી ઠરાવવામાં આવે છે કે આચાર્યશ્રી, શ્રી હરજીવન પ્રભુજી એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, શ્રી નેશનલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, જામનગરની જોડાણ અરજી અને તે પરત્વેની એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સ્વીકારવી અને યુનિવર્સિટીએ નકકી કરેલ જોડાણની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિએ મુકેલી શરતોનું પરિપાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે સંસ્થા/કોલેજ કરે તો ઉપર્યુકત જોડાણની વિગતે તા.૧૫/૦૬/૨૦૧૪ થી તા.૧૪/૦૬/૨૦૧૫ સુધી એક વર્ષનું"ચાલુ અને વધારાનું જોડાણ આપવા રાજય સરકારશ્રીને ભલામણ કરવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૬" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૯ જોડાણ ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી ગાંધીનગર સંચાલિત જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, જુનાગઢ તરફથી જુન–૨૦૧૫ થી નવી કોલેજના જોડાણ માટે આવેલ જોડાણ અરજી પર નિમવામા આવેલ સ્થાનીક તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ યુનિવર્સિટીએ મુકેલ જોડાણની શરતો તેમજ સ્થાનીક તપાસ સમિતિએ મુકેલ શરતોનું પરિપાલન કરવાની શરતે નીચે દર્શાવેલ વિગતે સદરહુ કોલેજને ૨૦૧૫–૧૬ના એક વર્ષ

માટે નવુ જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવા તેમજ તે અંગેની સૈદ્ધાંતિક પુર્વમંજુરી મેળવવાની દરખાસ્ત કરવાની મંજુરી આપ્યાના માન. કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત એકેડેમિક કાઉનિસલની તા.૩૦/૩/૨૦૧૫ ની સભાના ઠરાવ ૨૧૫ થી બહાલ રાખવામાં આવેલ તે બાબતને સિન્ડિકેટની બહાલી અર્થે વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગતઃ–**
**તબીબી વિદ્યાશાખા (નવુ જોડાણ)**
પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ.ના અભ્યાસક્રમ

**એકેડેમિક કાઉન્સિલની તા.૩૦/૦૩/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક : ૨૧૫**

આથી ઠરાવવામાં આવે છે કે, માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

૩૦ એકેડેમિક શિક્ષણ વિદ્યાશાખાની તા.૧૩/૦૭/૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંક "૩" અન્વયેની ભલામણ અન્વયે વિનયન વિદ્યાશાખાને લગતા સ્ટેચ્યુટ–૯૭ ફેકલ્ટી ઓફ આર્ટસમાં યથાક્રમે M.A. Educationનો વિષય દાખલ કરવા અંગેની બાબત એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ માન.કુલપતિશ્રીએ મંજૂર કર્યા અંગેના નિર્ણયને બહાલી આપવા બાબત.

**<u>ઠરાવ ક્રમાંક "૩"</u>**

આથી વિનયન વિદ્યાશાખા તથા યુનિવર્સિટી અધિકારમંડળોને ભલામણ કરવામાં આવે છે કે M.A. (Education) (External) નો વિષય વિનયન વિદ્યાશાખાને લગતા સ્ટેચ્યુટ–૯૭માં નોંધવા માટે સ્ટેચ્યુટ સુધારવા વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીની ભલામણ સાથે સેનેટને ભલામણ કરવી.

(નોંધ : શિક્ષણ વિદ્યાશાખાની ઉપરોકત ભલામણ ડીનશ્રી,વિનયન વિદ્યાશાખાએ વિદ્યાશાખાની બહાલીની અપેક્ષાએ અને માન.કુલપતિશ્રીએ એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ મંજૂર કરી આ બાબત સેનેટની વિચારણા માટે રજૂ કરવા અંગે એકેડેમિક વિભાગની તા.૩૦/૦૭/૨૦૧૫ની નોંધ ઉપર મંજૂરી આપેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

**(નોંધ : એકેડેમિક વિભાગની તા.૩૦/૦૭/૨૦૧૫ની નોંધ પરિશિષ્ટ "૦૭" તરીકે આ સાથે સામેલ છે.)**

૩૧ પરીક્ષા–૨ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓના પ્રશ્નપત્ર વિતરણ તથા લખાયેલી ઉત્તરવહીઓ પરત લાવવાની કામગીરી જીલ્લા મથકનાં આચાર્યશ્રીને સોંપવામાં આવેલ છે.

ઉપરોકત વહીવટી કામગીરીમાં રોકાયેલ કર્મચારીને હાલ માસિક ફિકસ મહેનતાણું ચૂકવવામાં આવે છે તેના બદલે બે માસની આખી સીઝેન ગણી ઉચ્ચક ધોરણે ફિકસ મહેનતાણું ચૂકવવા અંગે તથા સ્ટેશનરી ખર્ચ પેટે ચૂકવવામાં આવતા ₹૫૦૦/– આખી સીઝેનનાં ચૂકવવાનું મંજૂર કરવા અંગે વિચારણા કરવા અંગે.

**(નોંધ : પ્રશ્નપત્ર વિતરણ કેન્દ્રનાં સંચાલન માટે ૦૧ નિયામક, ૦૨ જુનીયર સુપરવાઈઝર તથા ૦૨ પટ્ટાવાળા અને ૦૧ ચોકીદારનું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે. ઉપરોકત કર્મચારીને હાલમાં માસિક અનુક્રમે ₹૪,૦૦૦/–, ₹૩,૦૦૦/, તથા ₹૧,૫૦૦/– ચૂકવવામાં આવે છે, તેના બદલે પરીક્ષાની આખી સીઝેન બે માસની ગણી ઉચ્ચક ધોરણે અનુક્રમે ₹૮,૦૦૦/–, ₹૬,૦૦૦/– તથા ₹૩,૦૦૦/– ફિકસ મહેનતાણું ચૂકવવા માટે રજૂઆત થયેલ છે તેના પર વિચારણા કરવા અંગે.**

**હાલમાં વિતરણ કેન્દ્રને આખી સીઝનની સ્ટેશનરી ખરીદી પેટે ₹૨૫૦/– મંજૂર કરવામાં આવેલ છે તેના બદલે ₹૨,૫૦૦/– મંજૂર કરવા રજૂઆત થયેલ છે તેના બદલે ₹૫૦૦/– મંજૂર કરવા અંગે વિચારણા કરવા અંગે.)**

**આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વહીવટી કામગીરીમાં રોકાયેલ કર્મચારીને આખી સીઝનના ઉચ્ચક ધોરણે ફીકસ મહેનતાણુ ૦૧ નિયામક, ૦૨ જુનીયર સુપરવાઈઝર તથા ૦૨ પટ્ટાવાળા અને ૦૧ ચોકીદારને અનુક્રમે ₹૮,૦૦૦/–, ₹૬,૦૦૦/– તથા ₹૩,૦૦૦/– પ્રતિ વ્યકિત મંજૂર કરવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રશ્નપત્ર વિતરણ કેન્દ્રને આખી સીઝનની સ્ટેશનરી ખરીદી પેટે ₹૧૦૦૦/– મંજૂર કરવા.**

૩૨ પરીક્ષા–૨ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી મેડીકલ ફેકલ્ટી હેઠળની ફિઝીયોથેરાપી તથા નર્સિંગ યુ.જી. તથા પી.જી. પરીક્ષાની પરીક્ષા ફોર્મ ફી મેડીકલ (એમ.બી.બી.એસ.) સમકક્ષ રાખી, મેડીકલ (એમ.બી.બી.એસ.)નાં પ્રાશ્નીક/પરીક્ષકોને આપવામાં આવતી સુવિધા ફિઝીયોથેરાપી તથા નર્સિંગ પરીક્ષાનાં પ્રાશ્નીક/પરીક્ષકોને આપવા અંગે વિચારણા કરવા અંગે.

**(નોંધ : ૧. બી.યુ.ટી.ની તા.૧૯/૦૩/૨૦૧૫ની સભાની ભલામણ સિન્ડિકેટની તા.૨૪/૦૩/૨૦૧૫ની સભામાં મંજૂર થયા પ્રમાણે આગામી તબીબી પરીક્ષાઓથી (એમ.બી.બી.એસ.) પરીક્ષા ફી નીચે પ્રમાણે નિયત કરેલ છે.**

**યુ.જી. મેડીકલ ₹૩,૦૦૦/–**
**પી.જી. મેડીકલ ₹૬,૦૦૦/–**

**૨. મેડીકલ (એમ.બી.બી.એસ. યુ.જી./પી.જી.) પરીક્ષાનાં પ્રાશ્નીક/પરીક્ષકોને કેટલીક વધારાની સુવિધાઓ જેવી કે, (એ) પ્રાયોગીક પરીક્ષાનાં ચેરમેનને મહેનતાણાં પેટે ₹૫૦૦/– (બી) આકસ્મિક ખર્ચ (ચા–નાસ્તો–જમવાનાં) પરીક્ષક દીઠ દૈનિક ₹૨૦૦/– (સી) હોટેલમાં ઉતારા માટે દૈનિક ₹૧,૫૦૦/–, પ્રાશ્નીક/પરીક્ષકોને ઓવન કાર દ્વારા મુસાફરી અને રોડ માઈલેજ પ્રમાણે ચૂકવણીની મંજૂરી (ડી) પોસ્ટ ગ્રેજયુએટ કોર્ષની પરીક્ષા લેવા માટે બહારનાં રાજયમાંથી આવતા પરીક્ષકોને વિમાન દ્વારા મુસાફરી તથા ઈકોનોમીક કલાસનું એરફેરની ચૂકવણી.**

**૩. ઉપરોકત લાભ સરકારી ફિઝીયોથેરાપી તથા નર્સિંગ કોલેજનાં પ્રધ્યાપકો દ્વારા માંગવામાં આવેલ છે. જેને મેડીકલ ફેકલ્ટીનાં ડીનશ્રી દ્વારા પરીક્ષા ફીનું ધોરણ સરખું રાખીને આપવા માટે ભલામણ કરવામાં આવેલ છે.**

**૪. ઉપરોકત વિગતને ઘ્યાનમાં લઈ ફિઝીયોથેરાપી તથા નર્સિંગ પરીક્ષા કે જે મેડીકલ ફેકલ્ટી હેઠળ આવતી હોય પરીક્ષાનું ફીનું ધોરણ સરખું રાખી એમ.બી.બી.એસ. પરીક્ષાનાં પ્રાશ્નીક/પરીક્ષકોને વધારાનાં જે લાભ આપવામાં આવે છે તે આપવા બાબત વિચારણા કરવા અંગે.)**

**આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતે પુખ્ત વિચારણા કરવા માટે અને તે અંગે પરીક્ષા ફી નિયત કરવા માટે નીચે મુજબ કમિટિની રચના કરવી અને કમિટિનો અહેવાલ આગામી સિન્ડિકેટમાં રજૂ કરવો.**

**૧. શ્રી નેહલભાઈ શુકલ**
**૨. ડો. વિજયભાઈ પટેલ**
**૩. ડો.જી.સી.ભીમાણી**
**૪. ડો.અમિતભાઈ હપાણી**
**૫. ડો. મનીષભાઈ મહેતા**

૩૩ જોડાણ

શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા.૦૩/૦૮/૨૦૧૫ ના પત્ર ક્રમાંક : એસસીએ / ૨૦૧૫ / કોર્ટ–૧૩ / ખ.૧ વંચાણે સાદર રાખેલ છે, પત્રની વિગતે શ્રી કે. ડી. બારડ સ્મારક ટ્રસ્ટ સંચાલિત શ્રી બી.ડી.બારડ સાયન્સ, કોમર્સ એન્ડ આર્ટસ કોલેજ, શિલોજને નવા અભ્યાસક્રમના નવા જોડાણ આપવા અન્વયે,

– ટ્રસ્ટની તા.૧૫/૦૧/૨૦૧૨ ની નવા જોડાણની અરજી પરત્વે સિન્ડિકેટની તા.૨૩/૦૭/૨૦૧૨ ના ઠરાવ અનુસાર યુ.જી.સી. રેગ્યુલેશન–૨૦૦૯ ની જોગવાઈઓનું પરિપાલન થતું નહી હોવાથી જોડાણ નહિ આપવા રાજય સરકારશ્રીને ભલામણ કરેલ.

– ટ્રસ્ટ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં એસ.સી.એ. નં. ૨૮૯૯/૨૦૧૫ દાખલ કરેલ જે સંદર્ભે હાઈકોર્ટના તા.૦૬/૦૭/૨૦૧૫ ના ઓરલ ઓર્ડરથી રાજય

સરકારશ્રીને બંને પક્ષના પ્રતિનિધિઓને સાંભળીને તા.૦૭/૦૮/૨૦૧૫ સુધીમાં આખરી નિર્ણય લેવા આદેશ કરેલ જે પરત્વે તા.૧૫/૦૭/૨૦૧૫ ના રોજ ટ્રસ્ટના પ્રતિનિધિશ્રીઓ સાથે અગ્ર સચિવશ્રી સમક્ષ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ, જેમાં દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ નીચે મુજબની પરિસ્થિતિ ધ્યાન પર આવેલ.

– સ્થા.ત.સ. એ તા.૦૬/૦૬/૨૦૧૨ ના રોજ કોલેજની મુલાકાત લીધેલ તે સમયે કોલેજ માટે જરૂરી એવી બિન વિવાદાસ્પદ ટ્રસ્ટની માલિકીની જમીનના કોલમમાં ૦૧ એકર જમીન જરૂરીયાત મુજબ છે તેમ અભિપ્રાય આપેલ અને નવું જોડાણ આપવા ભલામણ કરેલ હતી.

– સ્થા.ત.સ. ના અહેવાલને એકેડેમિક કાઉન્સિલ તા.૨૫/૦૬/૨૦૧૨ ના રોજ વંચાણમાં લીધેલ જેમાં (૧) ૭/૧૨ નો ઉતારો નથી, (૨) જમીન દસ્તાવેજ સામેલ નથી (૩) મકાનનો આધાર નથી તેવા રીમાર્કસ સાથે નવી કોલેજ માટે યુ.જી.સી. રેગ્યુલેશન–૨૦૦૯ ની જોગવાઈઓના સંદર્ભમાં રાજય સરકારશ્રીનું માર્ગદર્શન મળે તે અનુસાર કાર્યવાહી કરવા સિન્ડિકેટને ભલામણ કરેલ, સિન્ડિકેટ દ્વારા તા.૨૫/૦૬/૨૦૧૨ ના ઠરાવ નં. ૧૯ માં એ.સી. ની ઉપરોકત ભલામણ સ્વીકારીને રાજય સરકારશ્રીને માર્ગદર્શન માટે ઠરાવેલ અને તા.૦૨/૦૭/૨૦૧૨ ના પત્રથી માર્ગદર્શન માંગવામાં આવેલ અને રાજય સરકારશ્રી દ્વારા તા.૦૪/૦૭/૨૦૧૨ના પત્રથી માર્ગદર્શન આપેલ, જે મુજબ સદરહુ ટ્રસ્ટના કિસ્સામાં ટ્રસ્ટની અરજી અને સ્થા.ત.સ. ના અહેવાલની વિગતો ધ્યાને લેતા યુ.જી.સી. રેગ્યુલેશન–૨૦૦૯ માં જમીનની જરૂરીયાત દર્શાવેલ છે.

– ટ્રસ્ટ દ્વારા ૫ એકર જમીન અંગેના કોઈ આધારો સામેલ રાખેલ ન હતા તેમજ વર્ષ ૨૦૧૨–૧૩ ની જોડાણ અરજી વર્ષ ૨૦૧૩–૧૪ માં ટ્રસ્ટ ચાલુ રાખવા ઈચ્છે છે કે કેમ ? તે અંગે જણાવેલ જે પરત્વે ટ્રસ્ટ સંચાલિત આર્ટસ એન્ડ કોમ્પ્યુટર સાયન્સ કોલેજ, અહેમદપુર, માંડવીના સ્થળ ફેરફારની એલ.આઈ.સી. પૂર્ણ થયેલ હોય કોલેજ શિલોજ મુકામે સ્થળ ફેરફાર થઈ ગયેલ હોવાથી નવા અભ્યાસક્રમો સાયન્સ, કોમર્સ અને આર્ટસને સંલગ્ન કોલેજ (કેશરભાઈ દાનાભાઈ બારડ સ્મારક) માં શરૂ કરવાની મંજૂરી આપવા વિનંતી કરેલ, જે બંને સ્થળો પર ચાલતી કોલેજના ટ્રસ્ટના નામ અલગ–અલગ હોવાથી સદરહુ કોલેજમાં નવા અભ્યાસક્રમનું જોડાણ આપી શકાય નહિ તેમ યુનિવર્સિટીએ જણાવેલ.

– શિક્ષણ વિભાગના પત્રમાં અંતે કરેલ હુકમ મુજબ યુનિવર્સિટીના તા.૧૩/૦૭/૨૦૧૫ ના પત્રથી રાજય સરકારશ્રીને જોડાણ નહિ આપવા માટે કરેલ ભલામણને આથી રાજય સરકારનું અનુમોદન આપવામાં આવે છે અને સદરહુ ટ્રસ્ટની જોડાણ અરજીનો આથી અસ્વિકાર કરવામાં આવે છે તેમ જણાવેલ છે.

સબબ, શિક્ષણ વિભાગના તા.૦૩/૦૮/૨૦૧૫ ના પત્રથી કરેલ હુકમને ધ્યાને લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણ વિભાગના તા.૦૩/૦૮/૨૦૧૫ના પત્રથી કરેલ હુકમ અનુસાર "યુનિવર્સિટી દ્વારા શ્રી કે.ડી.બારડ સ્મારક ટ્રસ્ટ સંચાલિત શ્રી બી.ડી.બારડ સાયન્સ, કોમર્સ એન્ડ આર્ટસ કોલેજ, શિલોજને જોડાણ ન આપવા માટે કરેલી ભલામણ" ને અનુમોદન આપેલ છે તેની નોંધ લેવી.**

૩૪ હિસાબ — ફાઈનાન્સ સમિતિની તા.૨૯/૦૯/૨૦૧૫ને મંગળવારના રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા.૨૯/૦૯/૨૦૧૫ની કાર્યવાહીની નોંધ અને ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : ફાઈનાન્સ સમિતિની તા.૨૯/૦૯/૨૦૧૫ના રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૮" તરીકે આ સાથે સામેલ છે.**

૩૫ જોડાણ — બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હીનો તા.૦૩/૦૯/૨૦૧૫ નો પત્ર ક્રમાંક : બી.સી.આઈ. / એલ.ઈ. / સરકયુલર નં. ૩ / ૨૦૧૫ ની વિગતે તમામ યુનિવર્સિટીના રજીસ્ટારશ્રી અને રાજય સરકારશ્રીને ઉદ્દેશીને લખેલ પત્રમાં જણાવ્યા પ્રમાણે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની તા.૦૬/૦૬/૨૦૧૫ ની મિટીંગના ઠરાવ નં. ૧૧૪ / ૨૦૧૫ ની વિચારણાના અંતે રાજય સરકારશ્રીને હવે પછીના ત્રણ વર્ષ દરમ્યાન કાયદા વિદ્યાશાખાની કોલેજોને એન.ઓ.સી. આપવામાં નિયંત્રણ મૂકવા તેમજ યુનિવર્સિટીઓને કાયદા કોલેજોના ઈન્સ્પેકશન કાળજીપૂર્વક કરવા તેમજ કોલેજ પાસે ઈન્ફાસ્ટ્રકચર અને ટીચીંગ સ્ટાફ ભરેલ છે કે કેમ તે અંગે ચકાસણી કરવા જણાવેલ છે. રાજય સરકારશ્રીનું એન.ઓ.સી. તેમજ યુનિવર્સિટીના અહેવાલને કાયદાના અભ્યાસક્રમ માટેની મંજૂરી ધ્યાનમાં લેવામાં આવતું હોય બાર કાઉન્સિલની મર્યાદા મંજૂરી માટે ઉભી થતી હોય તે બાબતે ધ્યાન દોરવામાં આવેલ છે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હીનો પત્ર વિચારણા અર્થે સામેલ રાખેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે બાર કાઉન્સિ ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હીનો સદરહુ પત્ર ધ્યાને લેવામાં આવ્યો.**

**(નોંધ : ઉપરોકત પત્રની નકલ પરિશિષ્ટ "૦૯" તરીકે આ સાથે સામેલ છે.)**

૩૬ જોડાણ — જીજ્ઞેશ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત, જે.પી. માંકડ બી.એડ. કોલેજ NCTE દ્વારા WRC/APWO/2081/323237 /153/2011/82090 તા.૨૯/૯/૨૦૧૧ થી નેકક્ષ્ટ સેશનથી બંધ કરવા NCTE નો ઓર્ડર કરવામાં આવેલ છે. તે અન્વયે ટ્રસ્ટ દ્વારા ઠરાવ કરી અત્રે કોલેજ બંધ કરવા અને એફ.ડી.આર. છુટી કરી ટ્રસ્ટને સોપવા વિનંતી કરેલ છે. જે અન્વયે કોલેજની રજૂઆત પરત્વે વચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતે એલ.આઈ.સી. રચના કરી નિયમાનુસારની પ્રક્રિયા કરવી.**

**(નોંધ : જીજ્ઞેશ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત, જે.પી. માંકડ બી.એડ. કોલેજનો રજૂઆત પત્રની નકલ પરિશિષ્ટ "૧૦" તરીકે આ સાથે સામેલ છે.)**

## અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલી બાબતો

૩૭ હિસાબ ઓર્ડિનન્સ ૪૩ (VIII) માં સુધારો કરવા બાબત.

**(નોંધ : સિન્ડિકેટની સભા તા.૨૩/૦૩/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક ૩૫ થી યુનિવર્સિટીના જુદા જુદા ભવનો તથા વિભાગોના વડાઓની સત્તાઓ સુધારવાનો ઠરાવ થયેલ છે. તેમાં ઓર્ડિનન્સ ૪૩ (VIII) ગ્રંથપાલની સત્તાઓ સુધારવામાં આવેલ ન હોય આ સાથેનાં પરિશિષ્ટ "૧૧" મુજબ હાલની જોગવાઈમાં સુધારો કરવા વિચારણા કરવા બાબત.)**

**આથી ઠરાવવામાં આવે છે કે O.43 (VIII) માં નીચે મુજબ સુધારા કરવામાં આવે છે.**

**LIBRARIAN O.43 (VIII)**

| હાલની જોગવાઈ | સુધારેલ જોગવાઈ |
|---|---|
| (1) Sanctioning all expenditure pertaining to the University Library including stationery but exculding purchase of furniture up to Rs.200/- per item without inviting quotations and up to Rs.1000/- per item after inviting quotations for expenditure peetaining to the library only.<br><br>(2) Sanctioning refund of Library deposits. | (1) Sanctioning all type all of expenditure pertaining to Library up to Rs.5000/- per item without inviting quotation.<br><br>(2) Sanctioning tour programme & TA-DA bill of subordinate staff.<br><br>(3) Sanctioning refund of Library deposits. |

## મુકત ચર્ચા વિચારણા

ઉપરોકત સિન્ડિકેટની સભાની કામકાજની યાદી ઉપરની કાર્યવાહી પૂર્ણ થયા બાદ માન. કુલપતિશ્રીએ શિક્ષણના હિતમાં મુકત ચર્ચા માટે દરેક સભ્યોને આમંત્રણ આપતાં સભ્યશ્રીઓ દ્વારા નીચે મુજબના સૂચનો/પ્રતિભાવો આપવામાં આવેલ હતા.

| | | |
|---|---|---|
| ડૉ. જી.સી.ભીમાણી | – | યુ.જી.સી. દ્વારા ગાંધીયન સ્ટડી માટે અભ્યાસક્રમો ચલાવવા ગ્રાન્ટ આપવામાં આવે છે. ગાંધીજીની જન્મ ભૂમિ સૌરાષ્ટ્ર વિસ્તાર માંહેની પોરબંદર છે તે ખાસ ઉપલક્ષમાં લઈ ગાંધીયન સ્ટડી માટેના રેગ્યુલર અભ્યાસક્રમો શરૂ કરવા જોઈએ. |
| | – | યુનિવર્સિટીમાં પ્રોફેસર અને એસોસીએટ પ્રોફેસરની ભરતીમાં જે વિષયની જગ્યા ભરવાની હોય તેની વરણી સમિતિમાં હોદ્દાની રૂએ વરણી સમિતિના સભ્યોમાં જે તે વિષયના હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ હોય છે તે પ્રોફેસર હોય તેમને જ વરણી સમિતિમાં સભ્ય તરીકે નિમણૂંક કરવી. |
| નેહલભાઈ શુકલ | – | યુનિવર્સિટી દ્વારા રીસર્ચ બેઈઝ અને જોબ ઓરેએન્ટેડ અભ્યાસક્રમો શરૂ કરવા જોઈએ. |
| | – | સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશન દ્વારા યુનિવર્સિટી ક્રિકેટ ગ્રાઉન્ડનો ઉપયોગ તેની જરૂરીયાત માટે કરવામાં આવે છે તે ઘ્યાને લેતાં રાજકોટ ખાતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચનું આયોજન હોય ત્યારે તેમાં વી.આઈ.પી./સેક્રેટરીએટ પાસ સિન્ડિકેટ સભ્યો માટે મોકલવા માટે જાણ કરવી જોઈએ. |
| ડૉ.ધરમ કાંબલીયા | – | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા એમ.એ. એકસ્ટર્નલ ગાંધીયન સ્ટડી અભ્યાસક્રમમાં સંખ્યા થતી નથી તેમજ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમોમાં પણ સંખ્યા થતી નથી તે બાબત પણ ઘ્યાનમાં લેવી. |
| પ્રવિણસિંહ ચૌહાણ | – | એન.એસ.એસ.નો અભ્યાસક્રમ બધીજ આર્ટસ–કોમર્સ કોલેજોમાં શરૂ કરવો જોઈએ. |
| ડૉ.મેહુલભાઈ રૂપાણી | – | દરેક કોલેજોમાં એન.એસ.એસ.ની પ્રવૃતિઓ ચાલે છે તેમાં વિદ્યાર્થીઓને મોટીવેટ કરી અને ગાંધીજીને લગતા પ્રોગ્રામ કરી અને તેના દ્વારા ભવનો/કોલેજોમાં ગાંધીયન કાર્યક્રમો કરી તેની સમીક્ષા કરી અને ૧૦મી ઓકટોબર સુધીમાં યુનિવર્સિટીના બેનર હેઠળ શરૂ કરવા. |
| | – | અભ્યાસક્રમોની ફીમાં વિસંગતતા છે તેમાં સરકારી અને ગ્રાન્ટેડ કોલેજ તેમજ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોની ફી કમિટિ બનાવી ફી સ્ટ્રકચર કમિટિ નીમવી અને ફી નકકી કરવી જોઈએ. |

– સી.બી.સી.એસ. અભ્યાસક્રમાં ૩૦ માર્કસના એમ.સી.કયુ. પ્રશ્નો પૂછવામાં આવે છે તેમજ એકસ્ટર્નલ અભ્યાસક્રમમાં એસાઈનમેન્ટના ૩૦ માર્કસ રાખેલ છે. તેમાં એકસ્ટર્નલમાં એસાઈનમેન્ટના માર્કસ કાઢી નાખવા તેમજ એમ.સી.કયુ. પ્રશ્નો માટે ઓનલાઈન પરીક્ષા અંગે વિચારી શકાય.

ડો.વિજયભાઈ પટેલ – એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓને મોટીવેટ કરી ૩ માસનો ગાંધીજીનો અભ્યાસક્રમ કે પ્રોગ્રામ કરી એકઝામ લઈ અને ડીપ્લોમા કે સર્ટિફીકેટ કોર્સ શરૂ કરવો.

– જુનાગઢ યુનિવર્સિટી એકટ પસાર થયેલ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યોને આ એકટની માહિતી માટે આ એકટ યુનિવર્સિટીમાં આવે પછી દરેક સભ્યોને આપવો જોઈએ. જેથી તેની માહિતી તેમને મળે તે માટે વ્યવસ્થા કરવી.

– પરીક્ષા ફી સંદર્ભે દર વર્ષે સમીક્ષા કરી ૫ % કે ૧૦ % ફી વધારો કરવો જોઈએ. જે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળે છે તેમને શિક્ષણ ફી ઉપરાંત પરીક્ષા ફી પણ પરત મળે છે. તેથી દર વર્ષે ફી વધારો કરવો જોઈએ.

– યુનિવર્સિટી સિન્ડિકેટ સભ્યોને કોઈ કમિટિમાં કે વી.સી.નોમીની તરીકે કોલેજોની એલ.આઈ.સી. કે ઈન્ટરવ્યુમાં નોમીનેટ કરેલ હોય ત્યાં ₹૫૦૦ સીટીંગ ચાર્જ આપવામાં આવે છે તેમાં વધારો કરી ₹૧૦૦૦/– સીટીંગ ચાર્જ આપવો.

– યુનિવર્સિટીની સિન્ડિકેટની મીટીંગ હવે પછી યુનિવર્સિટીના પી.જી. સેન્ટરો ચાલે છે ત્યાં જુદા જુદા સેન્ટરો ઉપર અથવા બહારગામ રાખવી જોઈએ જેથી સભ્યોને ચેન્જ મળે તે માટે વિચારણા કરવી જોઈએ.

– માન. મુખ્ય મંત્રીશ્રીએ નવી એજયુકેશન ગાઈડલાઈન આપેલ છે તેમાં ક્રાઈટએરીયા ફીકસ કર્યા છે તેમાં કોઈ પણ ફી તેમાં દર્શાવેલ ગાઈડલાઈન પ્રમાણે રાખવા જણાવેલ છે તેમાં સરકારશ્રીની ગાઈડ લાઈનનો અભ્યાસ કરી આપણે સરકારશ્રીની નીતિનો અમલ કરવો જોઈએ.

ડો.હરદેવસિંહ જાડેજા – કોઈ વિદ્યાર્થી દ્વારા પીએચ.ડી.ની થીસીસ લેઈટ જમા કરાવવામાં આવે તો ખુબજ મોટી રકમનો દંડ રાખવામાં આવે છે તેમાં કેટલી રકમ ભરવી તે માટે લેઈટના સમય પ્રમાણે દંડની જોગવાઈ રાખવી જોઈએ.

| | | |
|---|---|---|
| | – | પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓ માટે સત્ર ફી અંગે જણાવેલ કે એકી સાથે પાંચ સત્રની ફી ભરવામાં આવે તો દંડ કે પેનલ્ટી ન થાય. તેમજ પેનલ્ટી લેવા માટે કેટલો સમય લેઈટ થયેલ છે તે સમય પ્રમાણે પેનલ્ટી લેવી. |
| ડો.રમેશભાઈ ડી. વાઘાણી | – | ગાંધીયન વિચારની વાતોના રેગ્યુલર કોર્સ શરૂ કરવામાં આવે તો નોકરીના હેતુ માટે તે ઉપયોગી નથી પરંતુ લોકો અને આપણે તેમજ વ્યવસાયીક, નોકરીયાતો આ અભ્યાસક્રમમાં પરોક્ષ રીતે જોડાઈ શકે તે માટે આ અભ્યાસક્રમમાં જરૂરી છુટછાટો નકકી કરી ઈવનીંગ કોર્સ / સન્ડે કોર્સીસ શરૂ કરવા જોઈએ. |
| | – | ભવનોમાં ઉનાળામાં ગરમ પાણી ન આવે તે માટે બાંધકામ વિભાગ દ્વારા જે ટાંકીઓ મૂકવામાં આવે છે તે સારા પ્રકારની થ્રીલેયર ટાંકી મૂકવા બાંધકામ વિભાગને જણાવવું. |
| ડો.પ્રશાંતભાઈ ઝ્હાવાલા | – | દર વર્ષે યુવક મહોત્સવ તેમજ કોન્વોકેશન દરમ્યાન મંડપ સર્વિસના મોટા મોટા ડોમનો ખુબજ મોટો ખર્ચ થાય છે અને આવો ખર્ચ દર વર્ષે વારંવાર કરવો પડે છે તે ન કરવો પડે તે માટે કાયમી વ્યવસ્થા કરવી જોઈએ. |
| | – | ઓપન એર થેએટર અને ૩૦૦ તેમજ ૧૨૦૦ કેપેસીટીના થીએટર જેવી બેસવાની વ્યવસ્થા ગોઠવવાનું આયોજન કરવું. |
| | – | વિદ્યાર્થીઓ યુવક મહોત્સવમાં આવે તેમને ટોકન ચાર્જથી પુરી–શાક જેવા ભોજનની વ્યવસ્થા કરવી. |
| ડો.જે.પી.જેસ્વાની | – | બધા સિન્ડિકેટ સભ્યોએ પોતાનો એક પાનાનો બાયોડેટા બનાવી અને દરેક સભ્યોને આપવો જોઈએ જેથી તેમનો પૂરો પરીચય સભ્યોને મળી શકશે. |
| | – | પર્યાવરણના સંદર્ભે વૃક્ષારોપણ કાર્યક્રમો સોરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને ભવનોના દરેક વિદ્યાર્થીઓ એક વિદ્યાર્થી દીઠ ૧ વૃક્ષ ઉછેરે તેવી સ્કીમ આપણે કરવી જોઈએ અને વધુમાં વધુ વૃક્ષો ઉગાડી પર્યાવરણને ઉપયોગી થઈ શકવા વિચારણા કરવી જોઈએ. |
| ડો. અમિત હપાણી | – | બેન્કોમાં જેમ ખાતેદારને કોમ્બો કાર્ડ આપવામાં આવે છે તે કાર્ડ એ.ટી.એમ/આઈ.ડી. તરીકે તેમજ અન્ય જગ્યાએ ઉપયોગી થાય છે તે રીતે આપણે બેન્ક સાથે લીન્કઅપ કરી અને આવું કોમ્બો કાર્ડ દરેક કર્મચારીઓને તેમજ સભ્યોને આપવું જોઈએ. |

| | | |
|---|---|---|
| શ્રી અનિરુદ્ધસિંહ પઢીયાર | – | યુવક મહોત્સવમાં આવતા વિદ્યાર્થીઓ માટે એસ.ટી.ના પાસનો લાભ અને કન્સેશનનો લાભ મળતો નથી તે માટે વ્યવસ્થા કરવી જોઈએ. |
| ડો.વર્ષાબેન છીછીયા | – | પ્રેકટીકલ પરીક્ષાઓ રવિવારે રાખવામાં આવતી હોવાથી વિદ્યાર્થીઓને તેના એસ.ટી. પાસનો કન્સેશનનો લાભ મળતો નથી તે લાભ મળે તે અંગે વિચારણા કરવી જોઈએ. |
| | – | સેલ્ફ ફાઈનાન્સ કોલેજો હોય તો પણ એન.એસ.એસ. માં વિદ્યાર્થીઓ જોડાય તે માટે મંજૂરી આપવી જોઈએ. |
| માન.કુલપતિશ્રી ડો.પ્રતાપસિંહ ચૌહાણ | – | યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનું એકી સાથે ત્રણ કે પાંચ વર્ષનું ચાલુ જોડાણ આપવા સંદર્ભે જે કોલેજો માળખાકીય સુવિધાઓ ધરાવતી હોય તેમને જરૂરી ફી અને જોડાણની પ્રક્રિયા અને એલ.આઈ.સી. કરીને અને આ માટે એક કમિટિ નીમવી અને જે કોલેજોને આ રીતે જોડાણ આપવા માટે કમિટિ જો ભલામણ કરે તો આવી કોલેજોને ચાલુ તેમજ કાયમી જોડાણ આપવું જેથી આવી કોલેજોને યુ.જી.સી.ના નિયમ મુજબ ગ્રાન્ટનો લાભ મળે તે માટે કાયમી જોડાણ આપવા અંગે વિચારણા કરવી જોઈએ. |

ઉપરોકત મૂકત ચર્ચા–વિચારણાના અંતે નીચે દર્શાવ્યા અનુસાર સર્વાનુમતે ઠરાવો કરવામાં આવેલ છે .

(૩૮) આથી ઠરાવવામાં આવે છે કે અન્ય અભ્યાસક્રમમાં જોડાયેલા ન હોય તે તમામ સિન્ડિકેટ સભ્યોએ એમ.એ. ગાંધીયન સ્ટડીઝ (એકસ્ટર્નલ) અભ્યાસક્રમમાં જોડાવું.

(૩૯) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ભવનોમાં પ્રોફેસર અને એસોસીએટ પ્રોફેસરની ભરતી માટેની વરણી સમિતિમાં જે અધ્યક્ષ અનુક્રમે પ્રોફેસર કે એસોસીએટ પ્રોફેસરનો હોદ્દો (સમકક્ષ અથવા ઉપરની કેડરનો હોદ્દો) ધરાવતા હોય તેમને વરણી સમિતિમાં હોદ્દાગત સભ્ય તરીકે નિમણૂંક આપવી.

(૪૦) આથી ઠરાવવામાં આવે છે કે સંશોધનલક્ષી અને વ્યવસાયલક્ષી વધુમાં વધુ અભ્યાસક્રમો શરૂ થાય તે માટે પ્રયત્નો કરવા.

(૪૧) આથી ઠરાવવામાં આવે છે કે ૩૦૦ સીટ અને ૧૨૦૦ સીટની કેપેસીટીના થીએટર ટાઈપ હોલ (ઓડીટોરીયમ) યુનિવર્સિટીમાં બનાવવા.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કાર્યક્રમો માટે કાયમી ધોરણે ડોમ તરીકે કામગીરી આપી શકે તે પ્રકારે વ્યવસ્થા કરવા માટે વિચારણા કરવી.

(૪૨) આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી. અભ્યાસક્રમ માટે સત્ર ભરવામાં મોડું થયું હોય તે સંજોગોમાં ન્યુનતમ અને મહત્તમ લેઈટ ફી નકકી કરવા માટે નીચે મુજબની કમિટિની રચના કરવી.

(૧) ડો.જી.સી.ભીમાણી

(૨) ડો. વિજય કે. પટેલ

(૩) ડો. હરદેવસિંહ જાડેજા

(૪૩) આથી ઠરાવવામાં આવે છે કે પ્રેકટીકલ પરીક્ષાના સમયપત્રકોના પરિપત્ર વેબસાઈટ ઉપર મુકવા જેથી એસ.ટી. કન્સેશન પાસનો વિદ્યાર્થીઓને લાભ મળી શકે.

(૪૪) આથી ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ થી એકસ્ટર્નલ અભ્યાસક્રમમાં એસાઈનમેન્ટ રદ કરવા.

(૪૫) આથી ઠરાવવામાં આવે છે કે માન. કુલપતિશ્રી દ્વારા સૂચવવામાં આવ્યા પ્રમાણે જો કોઈ કોલેજ એકી સાથે ત્રણ વર્ષ કે પાંચ વર્ષનું જોડાણ મેળવવા ઈચ્છે તો તે માટે એકી સાથે ત્રણ કે પાંચ વર્ષની જોડાણ ફી ભરી અરજી કરવા માટે મંજૂરી આપવી અને તે અનુસાર જોડાણની પ્રક્રિયા કરવા માટે મંજૂરી આપવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે જે કોલેજો નિયમ મુજબની માળખાકીય સુવિધાઓ ધરાવતી હોય તેઓને કાયમી જોડાણ આપવા માટે વિચારણા કરવી અને તે માટે ડો. જી.સી. ભીમાણીસાહેબની અધ્યક્ષતામાં રચવામાં આવેલી કમિટિને ૧૫ દિવસમાં અહેવાલ આપવા માટે જાણ કરવી.

(૪૬) આથી ઠરાવવામાં આવે છે કે માન. સભ્યશ્રીઓને કોઈ વિભાગમાંથી માહિતી જોઈતી હોય તો તે માટે માન. કુલપતિશ્રીને રૂબરૂ મળી રજુઆત કરવી જેથી સમયમર્યાદામાં માહિતી આપવા માટે સૂચના આપી શકાય.

(૪૭) આથી ઠરાવવામાં આવે છે કે માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ મુખ્યમંત્રીશ્રી વિદ્યાર્થી માર્ગદર્શીકા યોજનાનો ઠરાવ આવ્યેથી તેનો અભ્યાસ કરી તેનો ચુસ્તપણે અમલ થાય તે અનુસાર કાર્યવાહી હાથ ધરવી.

અંતમાં સિન્ડિકેટ સભ્યશ્રી ડો. ધરમ કાંબલીયાએ સર્વેનો આભાર માની તથા માન.કુલપતિશ્રી દ્વારા નવા વિચારો–સૂચનોની પ્રથાને અપનાવવા બદલ તેમજ ઓપન હાઉસ ચર્ચાની પ્રથા ઉભી કરી તટસ્થતાથી અને કોઈપણ જાતના ભેદભાવ વગર નિર્ણયો લેવા માટે માન. કુલપતિશ્રીને અભિનંદન આપેલ હતા.

કુલસચિવ

**નં.:સિન્ડિકેટ/૭૯/૨૦૧૫**
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ.
તા.૧૪/૧૦/૨૦૧૫

**પ્રતિ,**
સિન્ડિકેટનાં સર્વે સભ્યશ્રીઓ તરફ...

**નકલ રવાના ::–**
૧. માન.કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
૨. એકેડેમિક ઓફિસરશ્રી.
૩. પરીક્ષા નિયામકશ્રી.